# આધ્યાત્મિક કેડી

તંત્રી-સંપાદક : કૈલાસબહેન એન. પરીખ

ૐ
મા
ૐ



ૐ
મા
ૐ

॥ કમલાસન પર બિરાજેલાં ગાયત્રી માતા ॥

ૐ ભૂર્ભુવઃ સ્વઃ ૐ તત્સવિતુર્વરેણ્યં ભર્ગોદેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ૐ ॥

વર્ષ ૧૨ ] જાન્યુઆરી ૧૯૯૩ [ અંક ૧લો

Scanned by CamScanner

# મારા જીવનનાં નવ સૂત્રો

૧. ઇષ્ટમાં સમ્પૂર્ણ શ્રદ્ધા અને શરણાગતિ રાખવી.

૨. નિ:સહાયને સહાય કરવી.

૩. દુ:ખીઓનાં દિલનાં આંસુ લૂછવાં.

૪. કોઈની ઇર્ષ્યા કરવી નહિ.

૫. કોઈની સાથે વિશ્વાસઘાત કરવો નહિ.

૬. પરનિન્દાથી દૂર રહેવું.

૭. પુરુષાર્થને અગ્રતા આપી સતત કાર્યશીલ રહેવું.

૮. નિ:સ્વાર્થ સેવા કરવી.

૯. અહમ્‌નો ત્યાગ કરવો.

એન. બી. દવે (શાસ્ત્રીજી)

૭૭, 'શ્રદ્ધા', યોગેશ્વરનગર સોસાયટી, બઠ્ઠા પાસે,
અંજલિ સિનેમા પાછળ, વાસણા, અમદાવાદ - ૩૮૦ ૦૦૭

Scanned by CamScanner

પરમશક્તિ મંત્ર

# મા.



[ શ્રી ગાયત્રી ફાઉન્ડેશન ટ્રસ્ટ, અમદાવાદ–૩૮૦૦૧૫ ]

વર્ષ ૧૨ ] ★ જાન્યુઆરી : ૧૯૯૩ ★ [ અંક ૧ લો

## અનુક્રમણિકા


| | |
|---|---|
| અહિંસા | ... ૩ |
| પાટોત્સવ | ... ૮ |
| પરમશક્તિ મંત્રના યજ્ઞના મંગલાચરણ | ... ૧૦ |
| અષ્ટમીનો રાસોત્સવ | ... ૧૩ |
| હે પરમશક્તિ! પ્રગટજો પાટોત્સવે પરવારમાં! | ... ૧૮ |
| મારી અનુભૂતિ... | |
| (૧) "હું શાસ્ત્રીજી બોલું છું" | ... ૧૯ |
| (૨) ચરણામૃત લીધું અને... | ... ૨૧ |
| (૩) દૈવી શક્તિનો પ્રભાવ | ... ૨૩ |
| (૪) બદરીકેદારની યાત્રામાં | ... ૨૫ |
| સમાચાર | ... ૨૭ |


**આપનું ૧૯૯૩ના વર્ષનું લવાજમ 'રીન્યુ' કરાવી લેશો.**

★ આ ત્રૈમાસિક જાન્યુઆરી, એપ્રિલ, જુલાઈ અને ઓક્ટોબર માસમાં પ્રગટ થશે. ★ આપનું ૧૯૯૩ના વર્ષનું લવાજમ મોકલી આપવા વિનંતી. ★ પાંચ વર્ષનું એકસામટું લવાજમ સ્વીકારવામાં આવે છે.

★ વાર્ષિક લવાજમ રૂપિયા દસ ★

પ્રકાશક : શ્રી કૈલાસબહેન એન. પરીખ, શ્રી ગાયત્રી ફાઉન્ડેશન ટ્રસ્ટ, 'નિલોષા' બંગલો, ત્રિમૂર્તિ સોસાયટી, ગવર્નમેન્ટ પાંચ બંગલા પાસે, ગુલબાઈ ટેકરા, અમદાવાદ – ૩૮૦૦૧૫

મુદ્રક : કાન્તિભાઈ મ. મિસ્ત્રી, આદિત્ય મુદ્રણાલય, રાયખડ, અમદાવાદ – ૩૮૦ ૦૦૧ * ફોન : ૩૯ ૨૫ ૧૨

Scanned by CamScanner

With Best Compliments From :

**Murugan Agencies**
**Kaytee Textile Agencies**
**Shriji Textile Agencies**

59-A, Wholesale Cloth Market, Gandhibag, NAGPUR – 440 002
Phone : Offi. 44758 • Resi. 42610 ▪ Gram : **Murugan**

VIMAL®
A RELIANCE PRODUCT

● SUITINGS ● SHIRTINGS ● SAREES
● **Dress Materials** & ● **Worsted Suitings**

**Vajubhai Gaglani** ☐ **Jc. Kirit Gaglani**

: Agents for Maharashtra :

# Reliance Textile Industries Ltd.

**AHMEDABAD - BOMBAY**



Scanned by CamScanner

આધ્યાત્મિક કેડી

જાન્યુઆરી : ૧૯૯૩


# અહિંસા


શાસ્ત્રીજી


આજના અણુબોમ્બના યુગમાં અહિંસાનો વિચાર ખૂબ હાસ્યાસ્પદ લાગે છે, પણ યંત્રયુગના–અણુયુગના પ્રભાવ તળે માનસિક શાંતિ, આત્મશાંતિ, જીવનનું અને વ્યક્તિત્વનું સત્ત્વ ગુમાવી બેઠેલા, વ્યક્તિત્વની દિવ્યતા અને ભવ્યતાની નિષ્પત્તિના સ્રોતને સૂકવી બેઠેલા માનવીને જીવન અને આત્માની ઉન્નતિ માટે અહિંસાની અર્થચ્છાયાઓને, એની શક્યતાઓ–સંભવિતતાઓને સમજાવવાની મને આવશ્યકતા લાગે છે.

હું કોઈ તત્ત્વજ્ઞાની નથી. મારી પાસે શાસ્ત્રોનું પ્રમાણ નથી. પણ મારી પોતીકી સમજ, મારા સ્વાનુભવો અને માતાજીની પ્રેરણા અનુસાર અહિંસાની અર્થચ્છાયાઓ સમજવા અને સમજાવવાનો પ્રયાસ કરું છું.

અહિંસા એટલે જીવમાત્રને મારવું નહિ, ઈજા પહોંચાડવી નહિ તે. પરંતુ માત્ર કોઈને શારીરિક ઈજા ન પહોંચાડવાથી જ અહિંસા પરિપૂર્ણ બનતી નથી. માનવી માત્ર માટે શરીરથી પણ કંઈક વિશેષ, વિલક્ષણ છે અને તે છે આત્મા. આત્મા વિનાનું શરીર નિષ્પ્રાણ છે. મૃત છે તેથી આત્માનો મહિમા કરાયો છે. 'આત્મા સો પરમાત્મા'ની ઉક્તિ વિદિત છે. આત્મા પરમાત્માનું આસન છે, મંદિર છે, સ્થાન છે, જ્યાં તે નિવાસ કરે છે. આ આત્માને સંવેદન છે, લાગણી છે, શક્તિ છે. શરીરને આત્મા ઉપરાંત મન, વાણી અને કર્મ છે, જેનાથી તે આત્માની વિલક્ષણ શક્તિ નિષ્પન્ન કરી શકે છે અને આત્માનો વિકાસ કરી શકે છે. આ આત્માને દુઃખ પહોંચે તે ઉચિત નથી. આથી માત્ર કોઈને શારીરિક ઈજા ન પહોંચાડવામાં જ અહિંસા સમાતી નથી. પણ કોઈપણ વ્યક્તિને કોઈપણ જીવને મન, વચન અને કર્મથી હાનિ ન પહોંચે, દુઃખ ન પહોંચે, આઘાત ન લાગે, કોઈની લાગણી દુભાય નહિ, કોઈની માનહાનિ થાય નહિ તેવું આચરણ, વાણી, વર્તન, વલણ અને અભિગમ અપનાવાય તે જ સાચી અહિંસા.

શરીરના ઘા રુઝાઈ શકે છે. એના ઉપચાર થઈ શકે છે પણ મનુષ્ય-હૃદયના આઘાતો, મનોવેદનાઓનો કોઈ ઉપચાર નથી. માનવીનાં સંવેદનો પર થયેલો પ્રહાર તેને મૃતઃપ્રાય કરી દે છે. આથી જીવમાત્રની લાગણી ન દુભાય તે જોવું જરૂરી સમજું છું. પ્રાણીમાત્રને સંવેદનો–લાગણીઓ તો છે જ, પરંતુ કેવળ મનુષ્ય પાસે જ તેની અભિવ્યક્તિની શક્તિ છે. તેથી મનુષ્યની મનોવેદના કરતાં પણ મૂક

પ્રાણીઓની વેદનાનો વિચાર કરતાં તે વધારે સઘન લાગે છે. કારણ કે તેની પાસે અભિવ્યક્તિ નથી. તે મૂંગું મૂંગું વેદનાના ઘૂંટ પીધે જાય છે. આથી જીવમાત્ર પ્રત્યે પ્રેમ, દયા અને કરુણા ઉદ્‌ભવે તો અહિંસાનું આચરણ સરળ અને સુલભ બની શકે છે. જીવ માત્ર માટે દયા, પ્રેમ અને કરુણા અહિંસાનો આધાર છે–સ્રોત છે.

મારી દૃષ્ટિએ વ્યક્તિએ સહનશીલતા, ધીરજ, સહૃદયતા અને આત્મીયતાના ભાવોને આત્મસાત્ કરવાથી અહિંસાનું આચરણ–વાતાવરણ ઉપસ્થિત થઈ શકે છે. એથી વ્યક્તિમાં સારાસારનો, ઉચિત–અનુચિતનો વિવેક જન્મે છે. આ વિવેક વ્યક્તિને પોતાને માટે તો ખરો જ, પણ અન્યને માટે પણ ઉપકારક બની શકે છે. વિવેકને કારણે વ્યક્તિ સામા પાત્રની કક્ષા, ગુણ, પ્રેમ, લાગણી, અભિગમ અને ઉદ્દેશને સમજી શકે છે. પોતાના બન્ધુને, સ્વજનને, મિત્રને, સ્નેહીને સમજી શકવાને પરિણામે તેને ચાહી શકે છે. તેને માટે દિલમાં લાગણી પેદા થઈ શકે છે. એટલું જ નહિ, પોતાનાં પ્રેમ–લાગણીની સામા માણસને પ્રતીતિ પણ કરાવી શકે છે. પણ એ ત્યારે જ શક્ય બની શકે, જ્યારે માણસ માણસને ઓળખવાની સમજશક્તિ કેળવી શકે. એક વાર દિલમાં સમજશક્તિ અને લાગણી પેદા થયા પછી આપણા સ્વજન. મિત્ર, સ્નેહીના દિલને દુઃખ પહોંચે એવું પગલું ભરી શકતા જ નથી અને ભરવું જોઈએ પણ નહિ. આમ વ્યક્તિ અન્ય વ્યક્તિના દિલને ઓળખી શકે, તેની લાગણી, સંવેદનો પારખી શકે, સમજી શકે તો કુટુંબ, સમાજ, દેશ અને વિશ્વમાં અશાંતિ જ ન રહે. બન્ધુત્વની, પ્રેમની, સમાનતાની ભાવના અંતરમાં પ્રગટે તો અહિંસાનો અભિગમ કેળવવામાં ઝાઝી વાર લાગતી નથી એમ હું માનું છું.

---

"કોઈ પણ જીવને મન, વચન અને કર્મથી હાનિ ન પહોંચે, દુઃખ ન પહોંચે, આઘાત ન લાગે, કોઈની લાગણી દુભાય નહિ, કોઈની માનહાનિ થાય નહિ તેવું આચરણ, વાણી, વર્તન, વલણ અને અભિગમ અપનાવાય તે જ સાચી અહિંસા."

---

પણ મને કહેતાં ખૂબ દુઃખ થાય છે કે વ્યક્તિ વ્યક્તિ વચ્ચે વર્ષોનો સંપર્ક અને સંબંધ હોવા છતાં, આપણાં જ સ્વજનો માટે દિલમાં વિશ્વાસ પેદા થતો નથી. એટલું જ નહિ, પોતાના જ નિકટવર્તી સંબંધીનો વિશ્વાસઘાત કરતાં અચકાતો નથી. જ્યાં વિશ્વાસ નથી, ત્યાં પ્રેમ અને લાગણી તો ક્યાંથી જ ઉદ્‌ભવી શકે ? પ્રેમ, લાગણી અને વિશ્વાસનો અભાવ મનુષ્યને અહિંસા કરવા પ્રેરે છે. વ્યક્તિ વ્યક્તિને રહેંસી નાખતા અચકાતી નથી. કદાચ એમ ન કરે તો ય માનવી અન્ય માનવીના દિલની લાગણી, પ્રેમ, સંવેદના અને ભાવનાઓને તો ક્ષણાર્ધ માત્રમાં, શબ્દ માત્રમાં, એક નજર માત્રમાં કચડી નાખે છે. આમ કરીને તે કોઈ મર્દાનગી દાખવ્યાની, વિરલ કાર્ય પાર પાડયાની, પોતાના અધિકારીપણાની, પોતાની સત્તાની, ખુમારી અનુભવે છે. પોતે કંઈક કરી નાખ્યાનો એહસાસ અને અહમ્ અનુભવે છે. એક પ્રકારે આનંદ અને સંતોષ અનુભવે છે. કેટલી ક્રૂરતા અને નિષ્ઠુરતા છે માનવીમાં ! અને જેનાં સંવેદનો–ભાવનાઓ કચડાયાં છે તેનો વલોપાત–હાયકારા જ વ્યક્તિનું અસત્ કર્મ બનીને સમયાન્તરે સામે આવે છે. આ દૃષ્ટિએ વિચારીએ તો કદાચ માણસ ક્ષણે ક્ષણે હિંસાનું જ આચરણ કરે છે. કેટલોક માનવસમુદાય બંદૂક–રીવોલ્વર અને સ્ટેનગનથી હિંસા આચરે છે, જે સશસ્ત્ર છે. તો જે માનવ-સમુદાય શસ્ત્રો વાપરી શકતાં નથી તે શબ્દશસ્ત્રથી મનુષ્ય-હૃદયનો છેદ કરે છે. ભલાં, ભોળાં, વિદ્ંભી, નિરુપદ્રવી, નિરભિમાની, સીધા, સાદા ગણાતા દલિત, પીડિત માનવી પ્રત્યે અવિશ્વાસની નજરે જુએ છે. હિંસાના વ્યાપક પ્રભાવમાંથી માનવી કેમે કરી મુક્ત થઈ શકતો નથી. કેટલીક વાર તો હિંસક પ્રાણીઓ



Scanned by CamScanner

પશુ પોતાની હિંસકતા છોડી દે છે પણ મનુષ્ય પોતાની ક્રૂરતા, નિષ્ઠુરતા, જડતા છોડી શકતો નથી. ને તેથી જ તો માનવી પશુ સમાન ગણાય છે.

મેં ઘણી વાર અનુભવ્યું છે અને જોયું છે કે સત્તાની ખુરશી પર બેઠેલા અધિકારીઓ અદના માનવીઓ પ્રત્યે ખૂબ ઉદ્ધત વર્તન દાખવે છે. નાના નાના કર્મચારીઓની ભૂલ હોય કે ન હોય, વાત વાતમાં તેનું અપમાન કરે છે. કર્મચારીઓને સામાન્ય કહેવાની વાતમાં પણ ખૂબ જ તોછડાઈ દાખવતા હોય છે તેમના અવાજમાં, ચહેરાની રેખાઓમાં, તેમની આંખોમાં રૂક્ષતા, જડતા, કઠોરતા, કર્કશતા અને સત્તાનો મદ તીવ્રતાથી ફરકી ઊઠે છે. આપણા કુટુંબ, સમાજ, દેશના ઘણા વડીલો, અધિકારીઓ ગમે તે સંજોગવશાત્, કારણ-અકારણ સહેજ સહેજમાં પોતાના જ ઘરનાં સભ્યોનું, પોતાના સાથીઓનું અપમાન કરતાં અચકાતા નથી. આથી સ્વમાન, આત્મગૌરવ અને ખુમારીથી જીવન જીવતા માનવીઓના હૃદય પર આ હકીકત કારમો આઘાત આવે છે ને તે સમય જીવનથી હતાશ બની જાય છે. આવું વલણ પણ એક હિંસા જ છે. ઘર, સમાજ અને દેશના તમામ માનવીઓનું સ્વમાન અને ગૌરવ જળવાય તે જોવું જરૂરી છે. સામા માણસનું સ્વમાન અને ગૌરવ જાળવવા જેટલી સહૃદયતા દાખવી શકે તો અસ્તિત્વની આવી અનેકવિધ હિંસાત્મકતા અને જડતાઓમાંથી મુક્ત થઈ શકાય એમ હું સ્પષ્ટ માનું છું.

---

"બન્ધુત્વની, પ્રેમની, સમાનતાની ભાવના અંતરમાં પ્રગટે તો અહિંસાનો અભિગમ કેળવવામાં ઝાઝી વાર લાગતી નથી."

* * *

"મારાં નવ સૂત્રોનું આચરણ અહિંસાનો અભિગમ કેળવવામાં અને આત્મસાત કરવામાં ઉપકારક નીવડી શકશે."

---

પરંતુ આટલી પ્રખર હિંસા આચરતા માનવીઓને આધ્યાત્મિકતાનું અનુસરણ કરવું છે. તે તો કરી શકે છે ને કરે છે. પણ તેમને ઈશ્વરનાં દર્શન કરવાં છે પણ ક્યાંથી થાય? અસ્તિત્વમાં તો અનેકવિધ જડતા, હિંસકતા, ક્રુરતા ને નિષ્ઠુરતાનાં જાળાં બાઝેલાં છે. એ જાળાં જ્યાં સુધી સંપૂર્ણ સાફ ન થાય ત્યાં સુધી ઈશ્વર સાથે તાદાત્મ્ય સાધી ન શકાય. એટલું જ નહિ, ઈશ્વરનો અનુરાગ પણ પ્રાપ્ત ન થઈ શકે. અને આથી જ કૃષ્ણ ભગવાને અહિંસાને દૈવી ગુણ તરીકે ઓળખાવ્યો હશે એમ માની શકાય. જ્યાં માનવતાનો સત્કાર નથી, સ્વીકાર નથી, ત્યાં દિવ્યતા નથી. ત્યાં ઈશ્વરનો જવાનું કેવી રીતે ગમે? જે માનવી ભગવાનના ભક્તોનો પણ આદર નથી કરી શકતો તે ઈશ્વરને કદી પ્રિય નથી બની શકતો. કૌરવોએ પાંડવોનો જે તિરસ્કાર કર્યો, તેઓની લાગણી અને પ્રેમ ઠુકરાવ્યાં, ભ્રાતૃભાવનાનો ત્યાગ કર્યો, તેમના હક્કો છીનવી લીધા, એટલું જ નહિ, તેમને નિઃસહાય, લાચાર બનાવી દીધાં. આથી પાંડવોનું કેવળ આત્માનું ઐશ્વર્ય જોઈને, તેમના દૈવી ગુણોની સંપત્તિ જોઈને ભગવાન પાંડવોને પક્ષે રહ્યા અને યુદ્ધ લડવામાં સહાય કરી. એટલું જ નહિ, તેમનામાં સંનિહિત દૈવી ગુણોના આવિષ્કાર સંમાર્જન માટે દૈવી ગુણોનું વર્ણન કર્યું.

શ્રીકૃષ્ણ ભગવાને અહિંસાને દૈવી ગુણ ગણાવ્યો છે તો સાથે સાથે આતતાયીઓને મારવામાં પાપ નથી એમ પણ જણાવ્યું છે. તો તે કઈ રીતે? એવો પ્રશ્ન પણ સહેજ ઉદ્ભવે. ભગવાને આતતા-

પીઓને મારવાનો જે નિર્દેશ કર્યો છે એનું અર્થઘટન એવું થઈ શકે કે જ્યાં જ્યાં અનિષ્ટ આકાર લે છે, જ્યાં જ્યાં અન્યાય થાય છે, જ્યાં જ્યાં અપ્રમાણિકતાનું અનુસરણ થાય છે તેની સામે માથું ઉંચકવાનો, તેનો પ્રતિકાર કરવાનો ભગવાન આદેશ આપે છે. દુષ્ટોના સંહાર અનિવાર્ય અને આવશ્યક છે. સજ્જનતાની, માનવતાની, પ્રમાણિકતાની, ન્યાયની પ્રતિષ્ઠા માટે ઝઝૂમવું જરૂરી છે, ઝઝૂમવું જોઈએ.

મહાભારતમાંનું દુર્યોધનનું પાત્ર મલિન ભાવનાઓનું પ્રતીક છે. કૌરવોએ પાંડવોને તમામ પ્રકારે અન્યાય કર્યો. તેમના તમામ હકોથી તેમને વંચિત કર્યા જેની સામે યુદ્ધ કરવા ભગવાને પાંડવોને આદેશ આપ્યો. પાંડવોની ભાવના શુદ્ધ હતી. આથી ન્યાય અને પ્રમાણિકતાની પ્રતિષ્ઠા કરવા ભગવાન પાંડવોના પક્ષે રહ્યા. તેમના સારથિ બન્યા. અર્જુનના મોહને દૂર કરવા બોધ આપ્યો. એમાં અહિંસાના ગુણને હેતો મણાવ્યો. કૌરવોએ પાંડવો પ્રત્યે જે અમાનવીય અને અપ્રમાણિક વ્યવહાર દાખવ્યો તેના પ્રતિકાર માટે અન્યાય સામે શસ્ત્ર ઉગામવાનો ભગવાને આદેશ આપ્યો. કૌરવોનો પાંડવો પ્રત્યેનો વ્યવહાર અને અભિગમ માનવીય દૃષ્ટિએ હિંસાત્મક હતો, અયોગ્ય હતો એમ ભગવાને પ્રતિપાદન કર્યું અને સાચી અહિંસા એ કેવળ માનવતાનો, પ્રમાણિકતાનો, ન્યાયનો આદર, સત્કાર અને સ્વીકાર કરવામાં રહેલી છે એમ દર્શાવ્યું.

મારાં નવ સૂત્રોનું આચરણ અહિંસાનો અભિગમ કેળવવામાં અને આત્મસાત્ કરવામાં ઉપકારક નીવડી શકશે.

મારી દૃષ્ટિએ અહિંસા ભૌતિક અને આધ્યાત્મિક ઉભય રીતે આવકાર્ય, આવશ્યક અને અનિવાર્ય લાગે છે.

---

"પોતાની પાસે જે આવે તેને પોતાનાં પ્રેમ અને સંવેદનોથી ભીંજવી દેવાની ભાવના અને શક્તિ આત્મસાત્ કરવી. અસ્તિત્વમાં એકાકાર કરી દેવાની સાધના ખૂબ દુષ્કર છે. જેણે સાધના પરિપૂર્ણ કરી છે તે ઈશ્વરના અનુરાગના અધિકારી બની જાય છે. અહિંસા ઈશ્વરના અનુરાગને પામવાનો સ્રોત અને સેતુ છે."

---

માનવીમાં ધીરજ, સહનશક્તિ અને વિવેકનો અભાવ છે. ક્રોધની અગનજ્વાળામાં તે સતત લપેટાયેલો રહે છે. તેને માનસિક શાંતિ નથી. જીવનની મૂળભૂત જરૂરિયાતો પૂરતા પ્રમાણમાં પ્રાપ્ત ન કરી શકવાને પરિણામે, ભૌતિક સુખ સમૃદ્ધિની પ્રાપ્તિની અમર્યાદ આકાંક્ષા તેને ન કરવાનાં કાર્યો કરાવે છે અને તે ખૂન, લૂંટ, અનીતિ, અનાચાર, અત્યાચાર ને અપ્રમાણિકતા કરતાં અચકાતો નથી. પરિણામે હિંસા તેને માટે સહજ બની જાય છે. પણ ભૌતિક જરૂરિયાતોની પ્રાપ્તિ બાબતમાં જો મનુષ્ય સંતોષ કેળવે અને પુરુષાર્થ કરે એટલું જ નહિ, માનવતાને નજર સામે રાખે, ઈશ્વરના અસ્તિત્વનો, તેની સર્વવ્યાપકતાનો અને સર્વાન્તિર્યામિતાનો ખ્યાલ રાખે તો તે હિંસાથી દૂર રહી શકે છે અને અહિંસાનું આચરણ કરી શકે છે, તેમ કરતાં જીવનના અભાવોની વચમાં પણ તે માનસિક શાંતિ અને સ્વસ્થતા પ્રાપ્ત કરી શકશે એમ હું માનું છું. આ જ પથ પર તે ક્રમશઃ ભૌતિક રીતે સુખ, સમૃદ્ધિ પ્રાપ્ત કરતો જશે એમ મારું માનવું છે.

આધ્યાત્મિક દૃષ્ટિએ વિચારીએ તો અહિંસા પરમતત્ત્વનો પરિચય પ્રાપ્ત કરવાનું એક સોપાન છે, ઉપાસનાનો એક સ્રોત છે. (અર્થાત્ અહિંસાના આચરણથી વ્યક્તિ પરમતત્ત્વને અભિમુખ બની



Scanned by CamScanner

તેની ઉપાસનાનો આરંભ કરવા પ્રેરાય છે, તેથી અહિંસા ઉપાસનાનો સ્રોત છે.) એટલું જ નહિ, અહિંસા પરમતત્ત્વની અનેકવિધ અનુભૂતિઓ પણ કરાવી શકે છે. કારણ કે મન, વચન અને કર્મથી કોઈના પણ દિલને દુઃખ પહોંચાડવામાં નહિ આવે, કોઈની પણ લાગણી નહિ દુભાય તો આત્મા પ્રસન્ન રહે છે ને આત્મા પ્રસન્ન રહેતાં વ્યક્તિ વ્યક્તિ વચ્ચે, વ્યક્તિ અને ઈશ્વર વચ્ચે અનુરાગ ઉદ્ભવે છે. એ અનુરાગ અનેકવિધ ઈશ્વરીય અનુભૂતિઓ કરાવી શકે છે એમ હું માનું છું.

ઉપરાંત અહિંસા આત્મવિકાસ, આત્મજાગૃતિ, આત્મ–સાક્ષાત્કાર કે સાક્ષાત્કારની પ્રવૃત્તિનો સેતુ પણ બની શકે છે. સર્વ પ્રત્યે પ્રેમ, દયા, કરુણા, અનુભવવાથી, સામાની લાગણી સંવેદનોનો સ્વીકાર–સત્કાર કરવાથી અંતરની–અંદરની જડતા દૂર થાય છે. અન્યને સમજવાની શક્તિ પ્રગટે છે. સ્વાર્થી વૃત્તિઓ–સંકુચિતતાઓનો પરિહાર કરવાથી અંદરની પ્રસન્નતા જાગે છે. અંદર કંઈક પ્રકાશનો, હળવાશનો, સભરતાનો અનુભવ થાય છે ને એમ ક્રમશઃ આત્મવિકાસ થતો જાય છે. આત્મા જાગ્રત બને છે. એને ઈશ્વરના અનુરાગનો, માનવતાનો ખ્યાલ રહે છે. એથી સભાનતાથી તે કાર્યો કરે છે. વ્યક્તિ વ્યક્તિ વચ્ચેના, ઈશ્વર અને વ્યક્તિ વચ્ચેના આત્મીયતા અને પ્રેમના ગઠબંધન વિના આત્મતત્ત્વ ઓળખી શકાતું નથી. એક વાર ઈશ્વર સાથે પ્રેમ અને આત્મીયતાની ગાંઠ બંધાયા પછી આત્મ–સાક્ષાત્કાર કે સાક્ષાત્કારને બહુ છેટું રહેતું નથી. પરંતુ એને માટે માત્ર આવશ્યકતા અને અનિવાર્યતા તો એટલી જ છે કે માનવહૃદયની સંવેદનાઓનો, લાગણીઓનો, અંતરના ભાવોનો, સાત્ત્વિક અને પવિત્ર પ્રેમનો સ્વીકાર અને સત્કાર સાક્ષાત્કારનાં દ્વાર ઉઘાડી આપશે તે નિઃશંક છે.

અહિંસાને પરમ ધર્મ માનવામાં આવ્યો છે. કારણ કે એમાં માનવતાના અભિગમનો આવકાર–સ્વીકાર છે. જ્યાં માનવતા છે ત્યાં જ મન ઠરે છે. ત્યાં જ પરમાત્મા વાસ કરે છે. માનવધર્મથી શ્રેષ્ઠ બીજો કોઈ જ ધર્મ નથી. માનવતા જ પરમતત્ત્વની અનુભૂતિ કરાવે છે. ઈશ્વરનાં સાચાં દર્શન માનવતામાં જ કરી શકાય છે. માનવી સમ્પૂર્ણ ધર્મપરાયણ હોય, નિરંતર ઈશ્વરનું ધ્યાન, જપ, પૂજા, સ્મરણ, અર્ચન, કરતો હોય, પણ જો તેણે માનવતાનો સ્વીકાર ન કર્યો હોય તો ઈશ્વરના અનુરાગનો અનુભવ થઈ શકતો નથી. તે જપ, ધ્યાન, સ્મરણની સાથે સાથે સતત કોઈના ને કોઈના દિલને દુભવ્યા કરતો હોય, નજીવી, નાની નાની બાબતમાં કડકાઈથી–કરડાકીથી વાત કર્યા કરતો હોય, કોઈના અદમ્ય પ્રેમ, ઉત્સાહ, ઉમંગને સહેજ સહેજમાં ઠુકરાવી દેતો હોય કે તેના પર પ્રહાર કરતો હોય તો એ ધર્મ, એ ઉપાસના, એ આધ્યાત્મિકતાનો કોઈ અર્થ નથી રહેતો. અથવા તો ઈશ્વરના અનુરાગની પ્રાપ્તિમાં મનુષ્યની એવી પ્રકૃતિ–સ્વભાવ બાધારૂપ–અન્તરાય રૂપ નીવડે છે. આ અન્તરાય પ્રથમ દષ્ટિએ ખૂબ નજીવો ભાસે તેવો છે પણ અંતતોગત્વા મૂળભૂત રીતે તો ખૂબ મોટો છે. એ અન્તરાયને દૂર કરવો પણ ખૂબ દુષ્કર છે. કારણ કે મન, વચન અને કર્મમાં એકતા, મૃદુતા, વિનમ્રતા આવવાં, અસ્તિત્વને પ્રેમ અને સંવેદનોથી તરબોળ કરી દેવું અને પોતાની પાસે જે આવે તેને પોતાનાં પ્રેમ અને સંવેદનોથી ભીંજવી દેવાની ભાવના અને શક્તિ આત્મસાત્ કરવી, અસ્તિત્વમાં એકાકાર કરી દેવાની સાધના ખૂબ દુષ્કર છે. જેણે એ સાધના પરિપૂર્ણ કરી છે તે ઈશ્વરના અનુરાગના અધિકારી બની જાય છે.

અહિંસા ઈશ્વરના અનુરાગને પામવાનો સ્રોત અને સેતુ છે.

□



Scanned by CamScanner

# પાટોત્સવ

"આપ મારી સાથે કોઈ સંસારબંધનથી બંધાયા નથી. આપણે આધ્યાત્મિક માર્ગે ભક્તિરૂપી સાંકળથી બંધાયાં છીએ. મારો–તમારો નાતો ભક્તિરૂપી સાંકળનો છે. ભક્તિરૂપી સાંકળના નાતે આજે તમે અહીં આવ્યા છો. એ સાંકળના નાતામાંથી ભક્તિરૂપી રસ વહે છે, તે મારા પર આવે છે ને એ રસ જો હું ગ્રહણ કરું તો તે મારા પર ભક્તિરૂપી રસનાં મોતી બની જશે અને તેનાથી હું વધારે સોહામણો લાગીશ. આજે તમે સૌ અહીં આવ્યા છો તે ભક્તિરૂપી રસના કારણે આવ્યા છો. માટે હું તમને આજે મારા પ્રેમબિંદુઓ કહીશ."

અમદાવાદના પાલડી વિસ્તારમાં આવેલા પી. જી. મહેતા મેમોરિયલ હૉલમાં ગઈ તારીખ નવમી ડિસેમ્બરે 'માતાજીના પાટોત્સવ'ની ઉજવણી પ્રસંગે પૂ. ગુરુદેવ શ્રી શાસ્ત્રીજીએ ઉપસ્થિત ભક્તોને 'ગાયત્રી માતાનાં વહાલાં બાળકો અને મારા વહાલા પ્રેમબિંદુઓ'નું સંબોધન કરીને ઉપરોક્ત શબ્દો ઉચાર્યા હતા.

તેમણે પોતાના જીવનનો ઇતિહાસ વર્ણવતાં જણાવ્યું હતું કે,

'૧૯૩૨થી ૧૯૭૫ની સફરમાં નહોતી ખબર,
૧૯૭૬થી ૧૯૮૯ની સફરમાં અણસાર આવ્યો,
૧૯૮૯થી ૧૯૯૦ની સફરમાં રાઝ ખુલ્લો પડ્યો,
કે જીવનસફરમાં માએ જતન કર્યું બાળનું.
બાળે ધર્યો ભેખ સેવા તણો સકળ સંસારનો
જેના થકી જગતજનની પુલકિત થઈ ફરે બાળના ઉદ્યાનમાં.'

'અત્યારે પણ મા અહીં ફરતી જ હશે. એની હાજરી હશે જ.

આ છે મારા જીવનનો નિચોડ – કાર્યવાહી.

મારી બાલ્યાવસ્થા, યુવાવસ્થા સુધી મને ખબર નહોતી કે મા મારી સાથે છે, પણ પાછળથી ખબર પડી કે તેણે મારું ધ્યાન રાખ્યું છે. તેણે બધી જ માહિતી આપી કે તેણે મને ઉછેર્યો છે, જતન કર્યું છે. પછી તેણે સાક્ષાત્કાર કરાવ્યો અને હંમેશ સાથે હોવાનો તેણે અણસાર આપ્યો. પછી જે આદેશ આપ્યો તે પ્રમાણે સેવાનો ભેખ ચાલુ છે. એ જોઈને મા સદા પુલકિત થતી હશે એમ હું માનું છું.'

પૂ. ગુરુદેવે વિશેષમાં જણાવ્યું હતું કે, "મારા બાળપણથી શ્વાસોશ્વાસમાં એનું રટણ ચાલુ જ છે ને રહેશે.

આજે માતાજીના પાટોત્સવમાં આપણે સૌ ભેગાં થયાં છીએ. 'શ્રદ્ધા'ના બંગલે માતાજીને ત્રણ વર્ષ પૂરાં થાય છે. આ ત્રણ વર્ષમાં માતાજીએ ઘણા ઘણા અનુભવો કરાવ્યા છે. ત્રણ બાળકોની ભેટ આપી છે, મારા પુત્ર યોગેશને ત્યાં પ્રણવનો જન્મ, પુત્રી પિન્કીને ત્યાં નન્દિતાનો જન્મ અને મિતાને ત્યાં બાબાનો જન્મ – આમ ત્રણ વર્ષમાં માતાજીએ ત્રણ બાળકોની ભેટ આપી છે.

માંગલિક પ્રસંગોમાં – બંગલાનું વાસ્તુ, અમારા ચિ. બિરેનનું ( લાલો ) લગ્ન, નવચંડી, ચિ. કંદર્પનું જનોઈ, અમારા હિતેશનું લગ્ન, માતાજીનો યજ્ઞ––એમ પાંચ માંગલિક પ્રસંગો ઉજવાયા. માતાજીએ ઘણો લાભ કરાવ્યો છે.

'શ્રદ્ધા'માં માતાજી ભક્તગણને વધુ અનુભવ કરાવે છે.

મારી માતાજીને એ જ વિનંતી છે કે હું હાજર હોઉં કે ન હોઉં, તમને બધાને તમારે ઘેર પણ અનુભવ કરાવે.

'ૐ મા ૐ' મંત્ર માટે ઘણાને દિક્ષા થાય છે. આ મંત્ર માટે માળા લેવાની જરૂર નથી. ત્રીસ મિનિટ આ મંત્ર અવશ્ય કરવો જરૂરી છે. ગાયત્રી મંત્ર ફાવતો હોય તો તે પણ કરી શકો છો. ગાયત્રી મંત્ર સાથે આ મંત્ર કરો તો પણ વાંધો નથી. બંને એક જ છે. આ મંત્ર પણ તેણે આપેલો જ છે. આ નવો મંત્ર આપીને ભક્તગણને માતાજીએ મોટામાં મોટો ફાયદો કરાવ્યો છે. જે દરેકને આવકાર્ય છે. આપણે માતાજીનાં ઋણી છીએ. ઘણાં ઘણાં ઋણી છીએ. આખું અસ્તિત્વ જ એનું છે.

પરમશક્તિ મંત્રની ઋષિ ઉપાસના માટે એક કલાક, રાજર્ષિ ઉપાસના માટે બે કલાક, દેવર્ષિ ઉપાસના માટે પાંચ કલાક જરૂરી જે. પહેલાં ત્રણ આસાન છે. પોતાની ક્ષમતા અનુસાર દરેકે બેસવાની જરૂર છે. જે પ્રમાણે ઉપાસના થઈ શકે તે પ્રમાણે ઉપાસના કરવી જરૂરી છે.

આપ સૌને મારા આશીર્વાદ છે. આપ સૌ સુખ શાંતિમાં રહો."

પ્રારંભમાં માતાજીનું સ્વાગત-આરતી કરવામાં આવ્યાં હતાં. પૂ. કૈલાસબહેને પ્રાસ્તાવિક પ્રવચન કર્યું હતું.

આ પ્રસંગે પૂ. ગુરુદેવના જીવન-કવનને અનુરૂપ દસ્તાવેજી ચિત્ર 'વેદજનનીના વહાલસોયા શાસ્ત્રીજી'-નો દ્વિતીય ભાગ રજૂ કરવામાં આવ્યો હતો.

અંતે પ્રસાદ લઈ સૌ છૂટાં પડયાં હતાં.

□

પૂ. શાસ્ત્રીજીના આશીર્વાદ
અને
મા ગાયત્રીની કૃપાની અભ્યર્થના સહિત

✽ નરેન્દ્ર પ્રોસેસીંગ ઈન્ડસ્ટ્રીઝ ✽

રહેઠાણ : ૨૪, વિજયનગર હાઉસિંગ કો.-ઓ. સોસાયટી લિમિ.
મજૂરા ગેટ, સૂરત
ટેલિફોન : ફેકટરી : ૪૧૧૭૪ ✽ રહેઠાણ : ૩૫૦૫૮

# પરમશક્તિ મંત્ર યજ્ઞના મંગલાચરણ

તીર્થનગર સોસાયટીના પ્રાંગણમાં પૂજ્ય ગુરુદેવનું વાજતેગાજતે સામૈયું કરવામાં આવ્યું ત્યારે યજમાન મિસ્ત્રી-પરિવાર અને સમગ્ર ભક્તવૃંદ ઝૂમી ઉઠયું હતું. બેન્ડવાજામાં 'ૐ મા ૐ' મંત્રની ધૂન રેલાતી હતી. રસ્તા પર આવેલા મકાનોની અટારીએથી પ્રેક્ષકો આ અલૌકિક સામૈયાને મનભરીને નિહાળી રહ્યાં હતા.

ગુરુદેવ તુમ્હારી જય જય હો...

મનમોર તુમ્હારી જય જય હો... અને અન્ય સ્વાગતભક્તિ ગીતોમાં ભક્તવૃંદ તલ્લીન થઈને ગુરુદેવની સ્વાગત યાત્રામાં જોડાયો હતો. સહુ પોતપોતાની અંતરની મસ્તીમાં હતાં. ફટાકડાની સેરો વાતાવરણને ગજવતી હતી. ગરબા અને નાચગાનમાં સહુ ઝૂમી રહ્યાં હતાં.

યજ્ઞમંડપ સુધીના સમગ્ર માર્ગ પર ચાદર બીછાવી પૂજ્યશ્રીના કોમળ ચરણોને રસ્તાના કંટક-કાંકર ન વાગે તેની કાળજી અતિ પ્રેમથી ભક્તો લેતા હતા. પૂજ્ય મમ્મી અને પૂજ્ય બહેનજી પૂજ્ય ગુરુદેવની બંને બાજુ ચાલતાં હતાં. માથે કળશ લઈ બે બહેનો પૂજ્ય ગુરુદેવની પાછળ ચાલતી હતી.

---

ગુરૂદેવ તુમ્હારી જય જય હો
મનમોર તુમ્હારી જય જય હો....

**—અને અન્ય સ્વાગતગીતોમાં ભક્તગણ તલ્લીન થઈને ગુરૂદેવની સ્વાગતયાત્રામાં જોડાયો હતો....**

*

**"જેના બુંદ થકી જન્મ લીધો સૃષ્ટિમાં,**
**તે પુત્રો ઉજવે ષષ્ઠીપૂર્તિ પિતાની...."**

**— આ શબ્દો સાંભળતા જ મિસ્ત્રી-પરિવાર અને તેમાં યે તેમના સુપુત્રો અને પુત્રવધુઓની આંખો હર્ષાશ્રુ વહાવવા લાગી.**

---

૧૩ મી ડીસેમ્બર, ૧૯૯૨ના દિવસે મિસ્ત્રી-પરિવારના વડલા સમા ધનસુખભાઈની ષષ્ઠિપૂર્તિનો મંગલ દિવસ હતો. સુપુત્રોએ આ પ્રસંગે મા-બાપની આંખને ઠારે, અંતરને ભીંજવે અને સંસ્કારોને દીપાવે તે રીતે નીચેના પ્રસંગોને આવરી લઈને ષષ્ઠિપૂર્તિની ઉજવણીનું આયોજન કર્યું હતું :

(૧) પરમશક્તિ મહામંત્રનો પંચકુંડી યજ્ઞ,

(૨) પૂજ્ય ગુરુદેવનું સ્વાગત, વંદન, પાદપ્રક્ષાલન અને ગુરુપૂજન,

(૩) સમૂહભોજન,

(૪) ગરબા



Scanned by CamScanner

યજ્ઞમંડપ સુંદર રીતે શણગારવામાં આવ્યો હતો. યજ્ઞમંડપમાં વ્યાસપીઠ પર ગુરુદેવ બિરાજમાન હતા. મમ્મીજી અને બહેનજી પૂજ્યશ્રીની બંને બાજુએ બેઠાં હતાં. પૂજ્યશ્રીની પ્રત્યક્ષ હાજરીની સાથે સાથે માતાજીની હાજરી વર્તાતી હતી. દિવ્ય સુવાસથી વાતાવરણ મહેકતું હતું.

યજ્ઞમંડપમાં દેવોનું આવાહન, પૂજન-અર્ચન વિધિ પતી ગયા પછી મુખ્ય આચાર્યશ્રીએ ધનસુખભાઈ, ભાનુબેન અને તેમના પરિવાર દ્વારા ગુરુ-પાદપ્રક્ષાલન અને ગુરુપૂજન કરાવ્યું. ગુરુદેવે વડલાસભા આ દંપતિનું શાલ ઓઢાડીને અભિવાદન કર્યું.

મંડપપ્રવેશ પૂર્વે યજ્ઞકુંડની પ્રદક્ષિણા કરવામાં આવી. પૂજ્યશ્રીના નેતૃત્વ હેઠળ મુખ્ય યજમાનોએ વેદોક્ત મંત્રોચ્ચાર સાથે યજ્ઞમંડપમાં પ્રવેશ કર્યો. પૂજ્ય ગુરુદેવે માતાજીની મૂર્તિને ભદ્રમંડપના મધ્યમાં પધરાવી અને અન્ય સ્થાપિત દેવતાઓનું હાર પહેરાવી, વંદન કરી, અભિવાદન કર્યું.

યજ્ઞની શરૂઆતમાં પૂજ્ય ગુરુદેવે આશીર્વચન આપતાં અતિ મહત્વની મનનિય વાતો ઉચ્ચારી હતી.

(૧) સુપુત્રોનું સંસ્કારને દોહરાવતાં —

"જેના બુંદ થકી જન્મ લીધો સૃષ્ટિમાં
તે પુત્રો ઉજવે ષષ્ઠિપૂર્તિ પિતાની."

— આ શબ્દો સરતાં જ મિસ્ત્રી-પરિવાર અને તેમાંયે તેમના સુપુત્રો અને પુત્રવધુઓની આંખો હર્ષાશ્રુ વહાવવા લાગી ગઈ.

---

**પરમશક્તિ મંત્ર 'ૐ મા ૐ' ૧૩ મી જુલાઈ '૯૨ ને ગુરૂપૂર્ણિમાના દિવસે વૈશ્વિકમંત્ર તરીકે જાહેર થયો અને આજે ૧૩મી ડિસેમ્બર '૯૨ ને રવિવારે એટલે કે બરાબર પાંચ મહિને આ વૈશ્વિક પરમશક્તિ મંત્રના પંચકુંડી મહાયજ્ઞનું આયોજન થયું છે....કેવો દૈવી યોગાનુયોગ!**

*

**પૂજ્યશ્રીની દૃષ્ટિ માતાજીને સતત દર્શી રહી હતી અને સમગ્ર ઉપસ્થિત ભક્તસમુદાય પૂજ્યશ્રીની દિવ્ય આંખોમાં માતાજીના દર્શન કરતો હતો.**

---

**(૨) સાઈઠનો અર્થ પૂજ્યશ્રીએ નીચે પ્રમાણે કર્યો :**

સાઈ + ઠ...સાઈઠ વર્ષે આપણે સાંઈ જેવા (સંત જેવા) થવાનું અને ઠાકોરજીની સેવા-ચિંતન, નામસ્મરણમાં વ્યસ્ત રહેવાનું.

(૩) સાઈઠને આંકમાં લખતાં ૭ અને શૂન્ય "૬૦" લખાય. ૭ એટલે આપણે કુટુંબના છત્ર બનીને રહેવાનું, છત્રી ધરીને ઊભાં રહેવાનું.

શૂન્યમાં - શૂ + ન્ + ય નું અર્થઘટન કરીએ તો —

શ એટલે શરણાગતિ
ન્ એટલે નમ્રતા
ય એટલે યજ્ઞકાર્ય



Scanned by CamScanner

પોતાના ઇષ્ટની શરણાગતિ સ્વીકારી, નમ્રતા કેળવી યજ્ઞકાર્ય-સેવાકાર્ય કરતા રહેવું.

(૪) પરમશક્તિ મંત્ર – 'ૐ મા ૐ' ૧૩મી જુલાઈ '૯૨ ગુરુપૂર્ણિમાના દિવસે વૈશ્વિક મંત્ર તરીકે જાહેર થયો અને આજે ૧૩મી ડિસેમ્બર '૯૨, બરાબર પાંચ મહિને આ વૈશ્વિક પરમશક્તિ મંત્રના પંચકુંડી મહાયજ્ઞનું આયોજન થયું છે. કેવો દૈવી યોગાનુયોગ!

અંતમાં પૂજ્યશ્રીએ સહુને આશીર્વાદ પાઠવ્યા હતા.

વેદોક્ત મંત્રોચ્ચાર સાથે મધ્ય કુંડમાં પૂજ્યશ્રીએ અગ્નિ પ્રગટાવ્યો. સાથે જ બીજા ચાર કુંડોમાં પણ કુંડાચાર્યોએ અગ્નિ પ્રગટાવ્યો.

'ૐ મા ૐ સ્વાહા' મંત્રને પાંચ વખત સ્વમુખે લલકારી પૂજ્યશ્રીએ આ પરમશક્તિ મંત્રના મહાયજ્ઞના શ્રી ગણેશ કર્યા. પછી તો સંગીતમાં લયબદ્ધ રીતે પંદર માળાની આહુતિ અપાઈ. આ યજ્ઞમાં લગભગ ૨૦૦ માણસોએ સતત મંત્રોચ્ચાર કરી આખા દિવસમાં ત્રણ લાખ મંત્રોથી વાતાવરણમાં સાત્વિક આંદોલનો પ્રસરાવ્યાં હતાં.

સાંજે ચાર વાગે પૂર્ણાહુતિનું શ્રીફળ પૂજ્યશ્રીના વરદ હસ્તે જ યજ્ઞનારાયણને અર્પણ થયું. શક્રાદેની સ્તુતિથી સમગ્ર વાતાવરણ દિવ્ય અને રોમાંચિત અનુભવાતું હતું. પૂજ્યશ્રીની દૃષ્ટિ માતાજીને સતત દર્શી રહી હતી અને સમગ્ર ઉપસ્થિત ભક્તસમુદાય પૂજ્યશ્રીની દિવ્ય આંખોમાં માતાજીનાં દર્શન કરતો હતો.

મુખ્ય યજમાનોએ માતાજીની આરતી ઉતારી અને પછી ભોજનના પ્રસાદ માટે વિનંતી કરવામાં આવી.

સાથે સાથે ગરબાની રમઝટ જામી. પૂજ્ય ગુરુદેવ સુરવાલ, કફની પહેરી અને કેડીયું બાંધી ગરબામાં જોડાયા. કુંડની ફરતે સતત બે કલાક સુધી ગરબામાં ઘૂમી, માતાજી સાથે પ્રત્યક્ષ રમી, ભક્તોની દિવ્ય રસામૃતની લ્હાણ કરાવી.

સાંજે સાડાસાત વાગે પૂજ્યશ્રીએ રસોર્મિને ભક્ત-હૃદયોમાં વહેતી રાખીને વિદાય લીધી.

□

**M. N. CHAMPANERIA**
B. E. Civil (HONS), A. M. I. E. (INDIA)

# JANAK ENTERPRISE

1/29, NAVJIVAN CO-OPERATIVE HOUSING SOCIETY,
LAMINGTON ROAD, BOMBAY-400 008

# અષ્ટમીનો રાસોત્સવ

મુંજાલ દવે

યુગ-યુગાન્તરોથી આદિત્યના અભિસારે નિસરેલી નિશા, આસોની અજવાળી અષ્ટમીની તારામંડિત ચૂંદડી ઓઢીને હજુ હમણાં જ આભની અટારીએ ચડી છે...બ્રહ્મતેજથી ઝગારા મારતાં બ્રહ્મર્ષિના લલાટ સમો ચંદ્ર નવરાતમાં ગરબે ઘૂમતી નવયૌવના સમી ધરાને નભમાંથી નિરખી રહ્યો છે... મસ્તીએ ચડેલા ગો-વત્સની જેમ જ અહીં–ત્યહીં દોડાદોડી કરન્તા વાયરાને પકડવા મથતી ગોવાલણો જેવી અમરાપરનાં ઉપવનોની શીતળ સુરભિઓ તેની પાછળ દોડી રહી છે... પરોપકારક માટે જ પૃથ્વી પર પ્રગટ્યા હોય તેવા પયગમ્બરો સમાં વૃક્ષો પણ નભમાંથી નીતરતી ચંદ્રકળામાં જાણે કે પયઃસ્નાન કરી રહ્યાં છે ત્યારે...

—નક્ષત્રમંડળના ઊંચેરા અચળ આસને ધ્યાનસ્થ સપ્તર્ષિઓનાં આંતરચક્ષુઓ 'શ્રદ્ધા'ના દોરેથી શક્તિમય ચોકમાં વર્તુળાકારે ઘૂમતાં ગરબામાં પ્રવેશી રહેલા અર્વાચીન ઋષિરાજ નરેન્દ્રદેવ પર સ્થિર થયાં છે...અને કદાચિત્ તો તેની આસપાસ જ ક્યાંક પ્રસન્તાપૂર્વક ભ્રમણ કરતા વેદજનનીના વાત્સલ્યને શોધી રહ્યાં છે.

હા... 'શ્રદ્ધા'ની વરદ વસુંધરાને પ્રતીક્ષા છે આજે – તેનું રોમેરોમ ઝંકૃત કરી જનારા નૂપુરધ્વનિ સહિતના દુર્લભ ચરણસ્પર્શની ... કૂટિરના કણ–કણને આજે પ્રતીક્ષા છે 'મા'ની ... એટલે જ—

—પરમના સ્વાગત માટે ઘેલી થયેલી પ્રકૃતિ પણ ગતિ પકડતા જતા ઢોલના ગહન–ગભીર નાદ અને ગાયકસમૂહ દ્વારા રેલાતા મસ્તીભર્યા ગરબાઓની રમઝટમાં નર્તન કરવા લાગી છે ... મા–ઘેલો સંતપ્ત માનવમહેરામણ આ અમૂલા અવસરના અલૌકિક આનંદમાં સ્વ-ભાન વિસરીને ગરબામાં પ્રવેશેલા લીલાધરના શીત–કુસુમિત સાન્નિધ્યમાં ત્વ–ભાનમાં લીન થતો જાય છે... કૂટિરના સ્થંભોએ પણ ભક્ત ભાઈઓના ગરબામાં પ્રવેશીને નર્તન કરી રહેલા 'શાસ્ત્રીય' બાળ સ્વરૂપને સદેહ જોયું છે... અષાઢી આભમાં ઉમટી આવેલાં જલસભર વાદળોને નિરખી–નિરખીને હરખાતો કલાપી થનગનાટ સાથે મેહુલિયાને "મે...આવ!", "મે...આવ!" (મેહ...આવ!) એવા ટહુકાઓથી આવકારી નર્તન કરે એવા જ થનગનાટથી મા-મય થયેલા આ નર–મયૂરરાજે માવલડીના આગમન પહેલાનું પ્રકૃતિનું આનંદમય સ્વરૂપ જોઈને "મા...આવ!" "મા...આવ!" એવા ભીતરીય ટહુકારથી આંતરિક માહોલને ભરી દીધું અને...

—મયુર પુકારમ્ થતાં જ 'શ્રદ્ધા'ના આકાશે આવી ઊભેલા અષાઢી દિવ્યાશ્વ પરથી ઊતરીને જાણે કે પરમેશ્વરીએ લાડલાનાં દિવ્ય લોચનો સમક્ષ સ્વ–રૂપ પ્રગટ કર્યું કે તરત જ સ્વયં ગતિએ જ સંગીત સાથે સંગત કરી... ગાયકવૃંદ, વાદકવૃંદ, ભક્તવૃંદ— 'વૃંદ'માં પ્રભુતાએ પગ મૂકતાં જ 'વૃંદાવન' સર્જાયું... ચર્મ–ચક્ષુના ઝરૂખે આવી પહોંચેલી બ્રહ્મર્ષિની દિવ્યદૃષ્ટિએ દાંડિયા સાથે પ્રત્યક્ષ થયેલી જનનીને જોઈને

મનોમન પ્રણમી, ઉરમાં ઉછળતા આનંદના ઉદધિને પોતાના દાંડિયા દ્વારા વાચા આપવાનું શરૂ કર્યું...જાણે કે ...

નિરખે નભ સુરગણ દંગ, ઉમંગ, ઉછંગને આજે,
નટવર – નરેન્દ્ર નરરૂપ ધરી વનરાવન રાજે!

'શ્રદ્ધા'ના આંગણેથી ઊડતી આનંદની છોળોમાં તરબોળ થતો સામાન્યમાં સામાન્ય માણસ પણ આ ક્ષણોને હૃદયથી જીવી ગયો છે ... જીવી રહ્યો છે ... જેની ઉપસ્થિતિ જ આનંદની એકમાત્ર વ્યાખ્યા છે તે પરમવાત્સલ્યમયી 'મા'એ મધુરું સ્મિત વહાવતાં પોતાના નાનકડા 'ૐ'કાર સાથે રાસની રમઝટ દરમ્યાન ઐશ્વર્ય–પ્રયોગ કરીને સામાન્ય ઊંચાઈથી યે વધુ ઊંચે હાથમાં સ્થિત દાંડિયાને લઈ જઈને માતૃવત્સલ રમૂજ કરી ... ત્યારે ... છેક ઋષિ–મંડળને આંબી જનારો બાળયોગી 'નરેન' તો તાલ આપવા 'મા'એ ખૂબ ઊંચે રાખેલા દાંડિયાને પણ આંબી ગયો...!! ઢોલનો ઝડપી ઢમકાર, ગીત, સંગીત અને ભક્તોના ઉલ્લાસિત દાંડિયાઓના તાલ વચ્ચે પણ મા–બાળના દાંડિયાના તાલમાંથી ઉદ્‌ભવેલો શબ્દ, '**जिन्ह के श्रवन समुद्र समाना**' એવા કેટલાંક ભક્તોના કાને શ્રવણ-માધુર્યનો છંટકાવ કરી ગયો... !!

કેવું છે આ દૃશ્ય...?!!

---

**નક્ષત્રમંડળના ઊંચેરા અચળ આસને ધ્યાનસ્થ સપ્તર્ષિઓનાં આંતરચક્ષુઓ 'શ્રદ્ધા'ના દ્વારેથી શક્તિમય ચોકમાં વર્તુળાકારે ઘૂમતાં ગરબામાં પ્રવેશી રહેલા અર્વાચીન ઋષિરાજ નરેન્દ્રદેવ પર સ્થિર થયાં છે....**

* * *

**કુટિરના સ્થંભોએ પણ ભક્તભાઈઓના ગરબામાં પ્રવેશીને નર્તન કરી રહેલા 'શાસ્રીય' બાળસ્વરૂપને સદેહ જોયું છે....**

---

તે ઉભય દાંડિયાના હળવા ટકરાવમાંથી ઉત્પન્ન થયેલા શબ્દને 'અ'કાર કહું, 'ઉ'કાર કહું કે 'મ'કાર? કે છેક દ્વાપરકાળથી વાતાવરણમાં વિચરતો વાંસળીનો સૂર અથવા તો' મંત્રદ્રષ્ટા માટે અગોચરમાંથી ઉતરી આવેલો ઋગ્વેદીય અ-ક્ષર કહું? રાસોત્સવના રસમંથનમાંથી નિષ્પન્ન થયેલું સ્વરપિયૂષ કહું કે પરબ્રહ્મે પોતાના પ્રતિબિંબ પ્રત્યે કરેલો શાબ્દિક સંકેત કહું — શું કહું? અરે, આ સમગ્ર પ્રક્રિયાને 'બ્રહ્મ લટકાં કરે બ્રહ્મ પાસે' એમ જ કહું ને? એટલે જ તો —

— ગુરુભક્તિના ગોરસની મટુકી સાથે 'શ્રદ્ધા'ના આંગણિયે ઉમટેલા ભક્ત–ગણના હૃદયમાં – વાયરે ઊડીને આવતા બંસીય સ્વર સાંભળતાં જ ઘેલી થયેલી – ગોપીઓ પરસ્પરને કહે છે...

ચલો સખી વહાઁ જાઈએ,
જહાઁ બસે બ્રિજરાજ;
ગોરસ બિકે, હરિ મિલે,
એક પંથ દો કાજ!



Scanned by CamScanner

આ દૃશ્ય જોવા અટકી જતી પ્રત્યેક પળને પાછળ આવતી બીજી પળ ધક્કો મારીને સભાન કરે છે... રૂમ-ઝૂમ રૂમ-ઝૂમ ચાલી જતી યામિનીના અંબોડલેથી પેલો મંદારગુચ્છ છૂટી ગયો છે તેની તેને ખબર નથી કે શું? 'શ્રદ્ધા'ના આંગણે ઊભેલાં ફૂલ-છોડને વાયરાનો સંદેશો કો'ક તો આપો... અરે, અહીંનાં પાષાણોને કે'જો કે ક્યાંક વેદજનનીના પદારવિંદના સ્પર્શે-સ્પર્શે પુરુષ-સૂક્તના મંત્રો ન છેડે... એ પાષાણોના તૂટું-તૂટું થઈ રહેલા મૌનને જાળવવા જ કદાચ ધીરે ધીરે નરનાથની દિવ્યદૃષ્ટિ સમક્ષ રમન્તુ અતિ — આનંદા અલૌકિક સ્વરૂપ અગોચર થતું જાય છે... હા... એ સર્વજ્ઞ મમતા અગોચરરૂપે પણ આવનારી કો' મનગમતી પળને દિવ્યતા પ્રદાન કરવા હજુ ઉપસ્થિત છે માહોલમાં...

હજું ય શ્રદ્ધાની મંત્રમય દીવાલો ષષ્ટિપૂર્તિ કરી ચૂકેલા શાસ્ત્રીય સ્વરૂપને નવતરુણની જેમ જ નાચતું નિહાળ્યા કરે છે... આર્યસંસ્કૃતિનો દંડ (દાંડિયો) ધરીને દિગ્વિજય કરવા નીકળેલા આદિ જગદ્‌ગુરુ શંકરાચાર્યની ઝાંખી કરાવતી પ્રતિભા... 'મા'એ સર્જેલી મસ્તીમાં ગરકાવ થયેલું મસ્ત કલંદર અસ્તિત્વ... વાત્સલ્યથી વિભૂષિત આધ્યાત્મિક આંદોલનો પ્રસરાવતા શ્વાસોચ્છ્‌વાસ... પવનની લ્હેરખીઓથી નર્તન કરતાં સૂરજમુખીના પુષ્પ પર પડેલાં ઝાકળબિંદુઓ જેવી ઝગમગાટ કરતી અતિપ્રસન્ન મુખમુદ્રા... અંગે-અંગમાંથી પ્રગટતાં સ્ફૂર્તિના સંદેશાઓ... આ સ્વરૂપને 'શ્રદ્ધા'ના પ્રત્યેક ખૂણેથી અનેક ભાવસભર ભક્તનયનોએ ખોબે-ખોબે પીધું છે તો વળી કેટલાંકે તો સીધેસીધું ગટગટાવીને અંદર ઉતારી લીધું છે... અને છતાં ક્યાં તૃપ્ત થયું છે યુગોતરસ્યું હૃદય? તેથી જ —

---

**પ્રકૃતિનું આનંદમય સ્વરૂપ જોઈને "મા....આવ!", "મા....આવ!" એવા ભીતરીય ટહૂકારથી નર-મયૂરરાજે આંતરિક માહોલને ભરી દીધું અને....**

* * *

**ગાયકવૃંદ, વાદકવૃંદ, ભક્તવૃંદ – 'વૃંદ'માં પ્રભુતાએ પગ મૂકતાં જ 'વૃંદાવન' સર્જાયું....**

* * *

**ઋષિ-મંડળને આંબી જનારો બાળયોગી 'નરેન' તો તાલ આપવા 'મા'એ ખૂબ ઊંચા રાખેલા દાંડીયાને પણ આંબી ગયો....!!**

---

— અષ્ટમીની આ રજનીને અવિસ્મરણીય પદ આપવા સદાસ્મરણીય સદ્‌ગુરુદેવે વેદજનનીને વહાલા અશ્વનું કાષ્ઠમય પ્રતીક — શણગારાયેલા લાકડાના અશ્વને બંને હાથમાં ઊંચકીને ઠમક ઠમક નર્તવાનું શરૂ કર્યું... ઉર્ધ્વ બાહુઓમાં કાષ્ઠાશ્વ સાથે થોડી પળો નર્તન કર્યા પછી તેને સન્મુખ લાવતાં જ સહદર્શી નેત્રો ચમકી ગયાં: આ શું? લાકડાના એ વિભૂષિત અશ્વ પર માડીના માનીતા મોરનું ધાતુમય પ્રતીક મૂકવામાં આવ્યું હતું... કિંતુ અત્યારે એ જ મોરની સાથે નાનકડી બાલિકારૂપે સ્વયં વેદજનની તે અશ્વ પર વિરાજીત હતા... અને... જગતજનનીનું એ બાળસ્વરૂપ દર્શાતાં જ ભાવાવેશ પર ધીરજની લગામ બાંધીને ગુરુદેવે હળવે-હળવે કાષ્ઠાશ્વને કાળજીપૂર્વક આમથી તેમ ઝૂલાવવાનું શરૂ કર્યું...!! આ પ્રક્રિયાને સસ્મિત નિરખી રહેલી એ મહાઅળુકી બાલિકાને પોતાના લાડલાની સાવધાની અને સજાગતા પેખીને કેવો આનંદ ગર્વ થયો હશે?!! આ દૃશ્યને એકીટશે નિહાળી રહેલું વાઙ્‌મય વિચારતું હશે કે...

मेखलीयति मेदिन्याः ककुभः कङ्कणीयति ।
मण्डलीस्तुरगः कुर्वञ्जगतः कुण्डलीयति ॥

... એટલે કે ચોતરફ ગોળ કુંડાળામાં ઘૂમી રહેલો આ રાજ-અશ્વ, પૃથ્વીને માટે કટિમેખલા સમો, દિશાઓને માટે હાથના કંકણ સમાન તેમ જ જગતને માટે તો કુંડલ જેવો લાગે છે...! સમયની ગતિના સાતત્યને સ્થિર રાખવા 'મા'એ પોતાના પ્રાતઃકાલીન સ્વરૂપને પણ અદૃશ્ય કર્યું ત્યારે જ ગુરુદેવ અલૌકિક આનંદ-તાંડવની રસમસ્તીમાંથી ધીરે ધીરે પુનઃ લૌકિક વિશ્વ સાથે સંબંધાયા...

હા... મેં પ્રત્યક્ષ જોયો છે એ મહાસાગરને નરેન્દ્રનાથનાં શાંભવી નેત્રોમાં... કારણ કે ગાયકવૃંદને પણ ગરબે ઉડન્તો ગુરુકૃપાનો ગુલાલ પ્રાપ્ત થાય તેવી પ્રાર્થના પ્રસ્તુત કરવા હું આ ક્ષણે જ ગયો હું તેમની સમીપે... તે તેજસ્વી, ધૂધવતા વ્યક્તિત્વનું સામીપ્ય જીરવવાનું બળ તેમણે જ આપ્યું છે ને...! તેથી જ તો —

— ગાયકવૃંદ પાસે જઈને દાંડિયાથી જાણે રક્ષાકવચ રચતાં હોય તેમ ગુરુદેવે સમસ્તને મસ્ત કરી દેનારા હાસ્ય સાથે વરદ હસ્ત પ્રસાર્યો... અને... ગાયકવૃંદ તથા વાદકવૃંદ અતિઆનંદની અનુભૂતિમાં એવા મગ્ન થઈ ગયા કે ગરબાના શબ્દ સાથે ઘેઘૂર નાદ ગજવતાં ઢોલના ઢમકાર દશેય દિશાઓમાં પડઘાવા લાગ્યા... પોતાના તમામ સામર્થ્યથી ઢોલને અત્યંત ગતિની ગહન-ગભીર વાચા આપી રહેલો રમેશ પણ પોતાની સામે જ ઊભા રહીને મનહર અંગભંગિમા સાથે વરસતા ગુરુદેવને મુક્ત હાસ્ય સાથે નિહાળી રહ્યો છે... ત્યાં તો અચાનક જ એ નટેશ્વરે સહેજ નમીને બંને હાથમાં રહેલા દાંડિયાઓથી ઢોલ વગાડવાનું શરૂ કર્યું...!! પૂર્વે ક્યારેય આ ચર્મ-વાદ્યને નહિ સ્પર્શેલા નરેન્દ્રદેવે દાંડિયાથી ઢોલના તાલને ગતિની જે પરાકાષ્ઠા દેખાડી દીધી તે વિસ્ફારિત નેત્રે નિહાળી — કદાચ વિસ્ફારિત કાને સાંભળી પણ રહ્યો છે રમેશ... તેના હાથમાં દાંડીઓ સરી પડવાની રાહ જુએ છે... કુરુ-ભૂમિ પર વિશ્વરૂપનું દર્શન કર્યું તે ક્ષણે અર્જુનની જે સ્થિતિ થઈ હશે તે કંઈક આવી જ હશે... પારસ-મણિનો સ્પર્શ પામતાં જ પતરાનું ઢોલ 'ઢમ' 'ઢમ'ના સ્થાને 'બ્રહ્મ' 'બ્રહ્મ' એમ બ્રહ્મનાદ કરે છે...! રમેશની અનુભવી આંખો જાણે સંકોચસહ — સન્મુખ પ્રગટ થયેલા દેહધારી બ્રહ્મનાદને – પૂછી રહી છે :

" દેવ! આપ... સંગીત-વિશારદ તો નથી થયા ને?"

---

'મા'એ સર્જેલી મસ્તીમાં ગરકાવ થયેલું મસ્ત કલંદર અસ્તિત્વ....વાત્સલ્યથી વિભૂષિત આધ્યાત્મિક આંદોલનો પ્રસરાવતાં શ્વાસોચ્છ્વાસ.... અંગે-અંગમાંથી પ્રગટતાં સ્ફૂર્તિના સંદેશાઓ....

* * *

પારસમણિનો સ્પર્શ પામતાં જ પતરાંનું ઢોલ 'ઢમ....ઢમ....'ના સ્થાને 'બ્રહ્મ.... બ્રહ્મ' એમ બ્રહ્મનાદ કરે છે....!!

બ્રહ્મવેત્તાનું એ સ્મિત જાણે કહી રહ્યું છે કે 'આ તો મને કોઈ ખભેથી પકડી રાખતું હોય એવું મને લાગ્યું....નહિતર આજે પરબ્રહ્મનાદ પણ આ ઢોલને શીખવી દેતો....!'

---

અને...અચાનક જ સાંપ્રતનો સ્પર્શ થતાં ભાવસમાધિમાંથી જાગ્રત થયેલો ફકીરનો એ સમર્થ સાજિંદો રમેશ સામે માર્મિક સ્મિત રેલાવે છે... બ્રહ્મવેત્તાનું એ સ્મિત જાણે કહી રહ્યું છે કે —



Scanned by CamScanner

'આ તો મને કોઈ ખભેથી પકડી રાખતું હોય એવું મને લાગ્યું...નહિતર આજે પરબ્રહ્મનાદ પણ આ ઢોલને શીખવી દેતો... !'

ગાયકવૃંદને પોતાના સામીપ્યના સુધારસમાં સ્નાન કરાવી પુનઃ એક વાર એ વિદેહી અસ્તિત્વ 'શ્રદ્ધા'ના ચોકમાં પધારી પૌત્ર કંદર્પ સાથે ભુજંગનૃત્ય કરે છે... નાગની જેમ ડોલાયમાન નૃત્ય કરતા કંદર્પ સામે મદારી બનીને સંગીતની ધૂન પર નર્તતાં આધ્યાત્મિક દૃષ્ટિએ સત્તર વર્ષના 'દાદા'એ પૌત્રને ઉંમરનું અંતર પણ ક્યાં પરખાવા દીધું છે? કુટિરના કેટલાક ઉત્સાહી યુવાનો પણ વિષધર બનીને આ ગરવા ગારુડી સંગે નાચે છે...

ધીરે...ધીરે સમગ્ર પ્રસંગ પૂર્ણતા પ્રતિ ગતિ કરે છે... પરમની ઉપસ્થિતિ વેળાએ પરાકાષ્ઠા પામેલું સંગીત વિશ્રામ પામે છે... અષ્ટમીની આ નિશાને—'શ્રદ્ધા'માં પેખેલી પ્રત્યેક ક્ષણોને—મા-બાળના દાંડિયામાંથી ઉદ્ભવેલા શબ્દને અશ્વ સહિતના ગુરુદેવના નર્તનના પ્રત્યેક ઠમકાને – ઢોલમાંથી સ્રવેલા બ્રહ્મનાદને – એક એક પળને હૃદયમાં મઢીને ભક્તગણ પ્રસાદ પામી મા-બાળનું સ્મરણ કરતાં પરાણે 'શ્રદ્ધા'નાં પગથિયાં મૂકે છે ત્યારે પણ...

—વાતાવરણમાં પરમના વાત્સલ્યની મમતાળુ મહેંક પ્રસરી રહી છે... પ્રસરી રહી છે... પ્રસરી રહી છે...

□


શુભેચ્છા સહિત :

☎ ઘર : ૩૬૫૦૫
ફેકટરી : ૬૩૨૧૫૪

ડૉ. જયંત વાડીલાલ ગીલીટવાલા

દરેક જાતનો જરી કસબ ગીલીટ કરનાર

# ડૉકટર જયંત ફેબ્રીકસ

હેવી ડ્રેસ મટીરીયલ્સ પોલીસ્ટર

: ફેકટરી :
પ્લોટ નં. ૧૭/૧, ખટોદરા
ઉધના રોડ, સૂરત

: રહેઠાણ :
૯/૫૬૮, કોટસફીલ રોડ,
સૂરત-૧

# હે પરમશક્તિ ! પ્રગટજો પાટોત્સવે પળવારમાં !

[ તા. ૯ મી ડિસેમ્બર, ૧૯૯૨, બુધવાર ]

મા ! પ્રેમના અશ્રુ તણા પુષ્પે બિછાવી પાટ છે,
મ્હારા હૃદયના ભાવની એમાં ભરી છે ભાત મેં;
ઉર–મંદિરે મૂર્તિ તમારી થૈ ધ્વનિ ૐકારમાં,
હે પરમશક્તિ ! પ્રગટજો પાટોત્સવે પળવારમાં ! ૪

મા ! વિશ્વમાં વરદા સ્વરૂપ વિલસી રહ્યું વાત્સલ્યનું,
શક્તિરૂપે જે સર્વદા સ્મિત વેરતી સાફલ્યનું;
મમતાની મીઠી છાંય મુજને આપજો સંસારમાં,
હે પરમશક્તિ ! પ્રગટજો પાટોત્સવે પળવારમાં ! ૭

મા ! બ્રહ્મદર્શી બાળના હૃદયે તમારો વાસ છે,
સામીપ્યમાં જેના જગતજનની તમારા શ્વાસ છે;
એ બાળ–બ્રહ્મર્ષિ હૃદયથી પ્રગટતાં ટહૂકારમાં,
હે પરમશક્તિ ! પ્રગટજો પાટોત્સવે પળવારમાં ! ૧૦

મા ! મને તુજ બાળ હોવાનું સદા અભિમાન હો,
જનમોજનમ મુજ આંખને તુજ ચરણનું અભિજ્ઞાન હો !
પળ પળ જીવનની થાય પાટોત્સવ હૃદય–ધબકારમાં,
હે પરમશક્તિ ! પ્રગટજો પાટોત્સવે પળવારમાં ! ૧૩

મા ! મને શ્રદ્ધા તણું બળ આપજે શબરી સમું,
શરણાગતિ સૂરદાસ સમ, નરસિંહી ભક્તિથી નમું;
ને બાળપણ હંમેશનું નર–ઇન્દ્રના અવતારમાં,
હે પરમશક્તિ ! પ્રગટજો પાટોત્સવે પળવારમાં ! ૧૬

મા ! મોરલો તારો અમારા મન વિશે ટહુકયા કરે,
કરું સાદ ને કાયમ કૃપા–કરુણા–કળા કરિયા કરે;
પીછું બનું 'મુંજ' પિચ્છધરના પ્રેમમય દરબારમાં,
હે પરમશક્તિ ! પ્રગટજો પાટોત્સવે પળવારમાં ! ૧૯

— મુંજદેવ



Scanned by CamScanner

# મારી અનુભૂતિ

ગાઢ અંધકારમાં દીપકનો આછો આછો પ્રકાશ કેવો આહ્લાદક અને સંતર્પક નીવડે છે. દીપકનો એ આછો પ્રકાશ આજુબાજુનો થોડીક જગાને પ્રકાશિત કરી દે છે અને અંધકારને અંશતઃ દૂર કરીને વ્યવહારને – કાર્યને થોડુંક સરળ બનાવી દે છે. એ જ રીતે કોઈ પણ સન્તના–ગુરુના સાન્નિધ્યમાં આવતી વ્યક્તિ માટે પણ બને છે. સન્તના–ગુરુના સાન્નિધ્યમાં વ્યક્તિ તેમનાં માર્ગદર્શન, આશીર્વાદ, કૃપા, પ્રેમ, વાત્સલ્ય અને આત્મિક શક્તિના અવલંબન દ્વારા જિંદગીમાં ફેલાયેલા ગાઢ અંધકારમાં પ્રેરણા, આનંદ, હળવાશ અને સરળતાનો પ્રકાશ પ્રાપ્ત કરે છે અને એ પ્રકાશના આધારે તેનો જીવનવ્યવહાર પુનઃ સંચારિત થઈ ઊઠે છે. એવાં સદ્ભાગી આત્માઓના અનુભવોનું આલેખન આ કોલમમાં પ્રગટ કરવાનો અત્રે ઉપક્રમ સ્વીકાર્યો છે.

૧. ભરૂચના શ્રી જગદીશભાઈ જોષી, ૨. ભરૂચના શ્રી પ્રકાશ પંડ્યા

૨. મુંબઈના કુમારી આશાબેન ત્રિવેદી અને ૩. આણંદના શ્રી પ્રભુદાસભાઈ પટેલ —

—ની અનુભૂતિઓ પ્રસ્તુત કરવામાં આવી છે :

## [ ૧ ]

## "હું શાસ્ત્રીજી બોલું છું"

"કોણ જગદીશ બોલે છે? હું અમેરિકાથી શાસ્ત્રીજી બોલું છું."

સામેથી ફોનમાં પૂ. ગુરુદેવનો મૃદુ અવાજ આવ્યો.

"પ્રણામ ગુરુદેવ." મેં કહ્યું.

"ઘરમાં બધાં કેમ છે?" ગુરુદેવે સામેથી મને પૂછ્યું.

"આપની કૃપાથી બધા કુશળ છીએ. સોનલને ટાઈફોઈડ થયો છે અને તેને ઘણી તકલીફ થાય છે." મેં ગુરુદેવને જણાવ્યું.

તેઓ બોલ્યા : "સોનલની ચિંતા છોડી દે. હું જે આદેશ આપું છું તેનું સવારે પાલન કરજે. બપોરે મગની દાળ મસાલો નાખીને સોનલને ખાવા આપજો અને છાશ પણ આપજો. હું સારું કરી દઈશ. બોલ, બીજું કંઈ કામ હોય તો કહે."

મેં કહ્યું : "ના, ગુરુદેવ, બસ મને તો આપના આશીર્વાદ જોઈએ."

ગુરુદેવ કહે, "તે તો તારી સાથે કાયમ જ છે."

"ફોન મૂકું?" ગુરુદેવે સામેથી પૂછ્યું.



Scanned by CamScanner

મેં હા પાડી અને તેઓએ ફોન મૂકી દીધો.

— અને મારી આંખ ઉઘડી ગઈ. ઘડિયાળમાં જોયું તો સવારના સાડા પાંચ વાગ્યા હતા…

૧૯૯૨ના મે મહિનાની ૧૮ કે ૧૯મી તારીખ હતી. મારી વીસ વર્ષની પુત્રી સોનલને તાવ આવ્યો અને પુષ્કળ ઉલટીઓ થવા લાગી. ડૉક્ટરને બતાવ્યું. તેઓએ લોહીની તપાસ કરાવી ટાઈફોઈડ હોવાનું નિદાન કર્યું. તેમણે ગોળી-કેપ્સ્યુલ વગેરે આપ્યાં અને પુષ્કળ પ્રમાણમાં દૂધ કે પ્રવાહી ખોરાક સાથે લેવાનું જરૂરી હોવાનું જણાવ્યું.

સોનલને ખૂબ તાવ રહેતો અને પુષ્કળ ઉલટીઓ થતી તેથી દવા-દૂધ વગેરે ટકતું નહિ. મને આ જોઈ ખૂબ જ દુઃખ થતું. ચાર-પાંચ દિવસમાં તો સોનલનું ત્રણથી ચાર કિલો વજન ઘટી ગયું, અને તે પથારીવશ થઈ ગઈ.

મારા ઘરના બધાં જ બહારગામ ગયાં હતાં. ઘરમાં હું અને મારાં પત્ની બે જ હતાં. અને સોનલ તાવમાં પટકાઈ હતી. ગુરુદેવ અમેરિકા ગયા હતા…

મારી સહનશક્તિ ઘટી જતાં આખરે ૨૩મી મે અને શનિવારે રાત્રે અગિયાર વાગ્યે મેં પૂ. ગુરુદેવના ફોટા સમક્ષ બે વિનંતી કરી :

(૧) "હે ગુરુદેવ, કયાં તો સોનલને આપ સારું કરી દો; અથવા (૨) મને તેનું દુઃખ જોવાની અને તે સહન કરવાની શક્તિ આપો. આપ અમેરિકામાં જ નહિ, સર્વત્ર છો. અત્યારે મારી સાથે પણ છો. તો મારી વિનંતી સાંભળજો."

---

**"આપ અમેરિકામાં જ નહિ, સર્વત્ર છો. અત્યારે મારી સાથે પણ છો. તો મારી વિનંતી સાંભળજો."**

* * *

**"સોનલની ચિંતા છોડી દે. હું જે આદેશ આપું છું તેનું સવારે પાલન કરજે. બપોરે મગની દાળ મસાલો નાખીને સોનલને ખાવા આપજે અને છાશ પણ આપજે. હું સારું કરી દઈશ. બોલ, બીજું કંઈ કામ હોય તો કહે."**

---

આમ પ્રાર્થના કરી હું સૂઈ ગયો. ત્યારે પણ સોનલને ઉલટી થઈ હતી.

રાત્રે ત્રણ વાગ્યે ફરી તેને ઉલટી થઈ. તાવ પણ હતો. હું જાગીને મારાં પત્ની સાથે તેની પાસે બેઠો. સાડા ત્રણ વાગ્યે સોનલ ઊંઘી ગઈ. અમે બન્ને પણ સૂઈ ગયાં. સૂતાંની સાથે જ મને સ્વપ્ન આવ્યું. આ સ્વપ્નમાં —

ઘડિયાળમાં રાત્રીના સાડા ત્રણ વાગ્યા હતા. ગુરુદેવના જે ફોટા નીચે ઊભા રહી મેં વિનંતી કરી હતી ત્યાં જ હું સ્વપ્નમાં પણ ઊભો હતો. ગુરુદેવની સામે જોતો હતો, ત્યાં ફોનની ઘંટડી વાગી. મને થયું કે રાત્રે સાડા ત્રણ વાગ્યે કોનો ફોન હશે? દોડીને ફોન ઉપાડતાં પ્રથમ તો રીસીવરમાંથી દૂરથી ફોન આવતો હોય તેવો અવાજ આવ્યો. મેં સામેથી પૂછ્યું :

"કોણ બોલો છો?"

અને સામેથી ગુરુદેવનો મૃદુ અવાજ આવ્યો :



Scanned by CamScanner

"હું અમેરિકાથી શાસ્ત્રીજી બોલું છું..."

ગુરુદેવે વાત પૂરી કરી અને મેં ફોન મૂકવાની હા પાડી ત્યારે મારું સ્વપ્ન પૂરું થયું અને મારી આંખ ઉઘડી ગઈ. મારા આનન્દ-આશ્ચર્યનો પાર નહોતો. મારો સઘળો બોજ દૂર થઈ ગયો અને હું હળવાશ અનુભવવા લાગ્યો. મારી એ લાગણીઓને હું વ્યક્ત નથી કરી શકતો.

ઊઠીને સ્નાન વગેરે પતાવી માળા કરીને હું સાત વાગ્યે દુકાને ગયો. દુકાને જતાં જતાં મારાં પત્નીને ગુરુદેવના ફોન, આદેશ અને સ્વપ્નની વાત કરી અને સોનલને મગની દાળ અને છાશ આપવા જણાવ્યું.

નવ વાગ્યે દુકાને મારાં પત્નીનો ફોન આવ્યો કે સોનલને ખૂબ તાવ છે અને હજી પણ ઉલટી થાય છે. મેં કહ્યું કોઈ નહિ. ગુરુદેવના આદેશનું પાલન કરજો.

બપોરે બાર વાગ્યે સોનલને મગની દાળ-છાશ વગેરે આપ્યું. ખાધું. પણ તેને ઉલટી ન થઈ.

છેલ્લા આઠેક દિવસથી સોનલ કશું પણ લે કે તરત ઉલટી થઈ જતી હતી. તે ગુરુદેવના આદેશ પ્રમાણે મગની દાળ ખાધા પછી ન થઈ. બપોરે ત્રણ વાગ્યે છાશ પીધી તો તે પણ ટકી ગઈ. સાંજે દૂધ-દવાઓ આપી તે પણ ટક્યાં. તે જ દિવસથી સોનલે ખોરાક લેવાનો પણ શરૂ કર્યો. રાત્રે તેણે દેબરું ખાધું. તેનામાં શક્તિનો સંચાર થયો અને બે જ દિવસમાં સોનલ એકદમ સારી થઈ ગઈ. ખાતી અને હરતી-ફરતી થઈ જતાં અમે બંને પૂ. ગુરુદેવને હર્ષાશ્રુ સાથે વંદી રહ્યા.

— જગદીશભાઈ ( ભરૂચ )

*

# [ ૨ ]

# ચરણામૃત લીધું અને....

સુરતમાં જ્યારે જ્યારે ગુરુદેવની મુલાકાતનો કાર્યક્રમ યોજાય છે ત્યારે ત્યારે હું અચૂક તેમનાં દર્શને સુરત જાઉં છું. સુરતમાં મારા એક સંબંધી હરકાન્ત જોશી રહે છે, તેમને ત્યાં હું જાઉં છું. હું આપણા ગુરુદેવ શ્રી શાસ્ત્રીજીને મળવા માટે જ ખાસ સુરત આવું છું તે પણ તેઓ જાણે છે. પરંતુ તેઓ ગુરુદેવ માટે અથવા ગાયત્રી ઉપાસના અંગે કે માતાજીની કૃપાની અનુભૂતિઓ અંગે કોઈ જ રસ દાખવતા નહિ. તેથી હું તેઓને ગુરુદેવ કે માતાજી અંગે, ઉપાસના અંગે કશી પણ વાત કરતો નહિ.

એક વાર બન્યું એવું કે હરકાન્તકાકાને માનસિક અસર થઈ. વહેવારુ અને પ્રેમાળ હરકાન્તકાકા અસંબદ્ધ વર્તન કરવા લાગ્યા. ડૉક્ટરી ટ્રીટમેન્ટ ચાલુ કરી પણ સારું થયું નહિ. ભુવા વગેરેના પ્રયોગો પણ કરાવી જોયા પણ કોઈ ફેર પડયો નહિ...

કાકાના દીકરા અનિલભાઈ એક દિવસ મારે ઘેર આવેલા. તેમણે હરકાન્તકાકાની માનસિક બિમારી અંગે વાત કરી. તેઓ ખૂબ ચિંતિત હતા. અને મને કોઈ રસ્તો બતાવવા જણાવ્યું.



Scanned by CamScanner

હું શું રસ્તો બતવું? મને રસ્તો બતાવનાર તો મારા ગુરુજી છે. તેઓ કહે તે પ્રમાણે હું તો કરું. આથી મેં અનિલભાઈને કહ્યું :

"અનિલભાઈ, હું તો કોઈ રસ્તો બતાવી શકું તેમ નથી. પણ તમારી જો ઇચ્છા હોય, તમને વિશ્વાસ હોય અને શ્રદ્ધા હોય તો મારી પાસે ગુરુપૂજનનું ચરણામૃત છે તે આપું. તમે તે લઈ જાવ નેઅ કાકાને આપજો."

મેં આપેલું ચરણામૃત લઈને અનિલભાઈ સૂરત ગયા. તેમણે રોજ એક એક ચમચી એ ચરણામૃત કાકાને આપ્યું અને અમારા સૌના સાનંદાશ્ચર્ય વચ્ચે કાકા પંદર-વીસ દિવસમાં સ્વસ્થ થઈ ગયા!

થોડાક દિવસો પસાર થયા હશે ત્યાં તો નિશાભાભીને ગર્ભાશયની તકલીફ ઊભી થઈ. દિવસે દિવસે તકલીફ વધતી ગઈ. ડૉક્ટરોને બતાવ્યું. તેમણે ઑપરેશન કરાવવાની સલાહ આપી. ડૉક્ટરે તેમની બધી જ તપાસ પૂરી કરી. ઑપરેશનની તારીખ પણ આપી. દવાખાનામાં દાખલ થતાં પહેલાં નિશાભાભીને આ જળ લેવાની પ્રેરણા થઈ. તેઓ એ જળ લઈને દવાખાને ગયાં. બે-ત્રણ કલાકમાં જ દુઃખાવો મટી ગયો. તે રાત્રે નિશાભાભી ઘસઘસાટ ઊંઘી ગયાં.

બીજે દિવસે સવારે ડૉક્ટરે તેમના સમય પ્રમાણે ઑપરેશન થિયેટરમાં બોલાવ્યાં. નિશાભાભીએ ડૉક્ટરને દુખાવો થતો નથી તેની જાણ કરી. આથી ડૉક્ટર કહે :

"જો દુઃખાવો નથી તો ઑપરેશન કેવી રીતે થઈ શકે? ચાલો, સોનોગ્રાફી કરી લઈએ."

ડૉક્ટરના આશ્ચર્ય વચ્ચે સોનોગ્રાફીનો રીપોર્ટ તદ્દન નોર્મલ આવ્યો. ડૉક્ટરે જણાવ્યું :

"તમને કશું જ નથી. ઑપરેશન કરવાનું નથી."

સૌને આશ્ચર્ય અને આનંદ થયાં.

પણ આ બન્યું કેવી રીતે? નિશાભાભીની તકલીફ તો કેટલી અસહ્ય હતી. ડૉક્ટરે બધી જ તપાસ કરી ઑપરેશનની અનિવાર્યતા જણાવી હતી.

વળી, એક વાર જે ડૉક્ટરે નિદાન કર્યું એ જ ડૉક્ટરે સોનોગ્રાફીની તપાસમાં દર્દ જ ન હોવાનું જણાવ્યું! એ કેવી રીતે? ડૉક્ટરના આશ્ચર્યનો પણ પાર નહોતો.

નિશાભાભીને પણ તત્કાળ કોઈ ખ્યાલ આવ્યો નહિ. પણ પાછળથી તેમને એકદમ મનમાં ઝબકાર થયો કે મેં તો પેલું ગુરુ-ચરણામૃત લીધેલું, તેથી જ મા ગાયત્રીએ મારું દર્દ મટાડી દીધું. નિશાભાભીએ ઘરનાં સૌને આ વાત જણાવી ત્યારે સૌ જગતજનનીની શક્તિને વંદી રહ્યા...

ક્યારેક ક્યારેક ગુરુપૂજનનું કે માતાજીનું ચરણામૃત મળે છે તે હું ઘરમાં રાખી મૂકું છું અને આવાં કોઈ આકસ્મિક-અસાધારણ સંજોગોમાં તેનો અમે ઉપયોગ કરીએ છીએ. ક્યારેક કોઈક શ્રદ્ધાળુને પણ તે આપું છું. અને વ્યક્તિને તેનાથી શારીરિક-માનસિક દર્દમાંથી મુક્તિ-રાહત મળે છે.

આખરે પણ વ્યક્તિની શ્રદ્ધાનો આ સવાલ છે.

વળી, ગુરુદેવ જે જળ આપે છે તે વ્યક્તિની શારીરિક માનસિક તકલીફ અંગે આપે છે. તે તે વ્યક્તિએ વ્યક્તિગત રીતે જ લેવાનું હોય છે. એક વ્યક્તિનું જળ બીજી કોઈ વ્યક્તિ ન લઈ શકે.

જ્યારે ગુરુ-ચરણામૃત કોઈ પણ વ્યક્તિ લઈ શકે છે. અને તેને તેનું સત્પરિણામ અનુભવવા મળે છે.

— શ્રી પ્રકાશ પંડ્યા (ભરૂચ)

*



Scanned by CamScanner

# [ ૩ ]
# દૈવી શક્તિનો પ્રભાવ

હું મારાં મમ્મી-પપ્પા સાથે નાનપણથી પૂ. ગુરુદેવ પાસે આવતી હતી. મારા શિક્ષણમાં વિષયોની પસંદગી, પરીક્ષા વગેરે અંગે ઉદ્ભવતી મૂંઝવણો અંગે માર્ગદર્શન મેળવતી ને મને તેમના માર્ગદર્શન મુજબ મારા શિક્ષણમાં ધારવા કરતાં ઘણી સારી સફળતા મળતી. આથી મારી શ્રદ્ધા દૃઢ થવા લાગી. ઉપરાંત ગુરુપૂર્ણિમા અને સાતમી સપ્ટેમ્બર જેવા પ્રસંગોએ પૂ. ગુરુદેવના હાર, આરતી વગેરે તૈયાર કરતાં મારામાં આધ્યાત્મિકતાનો રસ જાગવા લાગ્યો.

આમ કરતાં કરતાં એક વાર મને વિચાર આવ્યો કે જો સારા કર્મ ન કરીએ તો પાપ કપાય કેવી રીતે ? ને પાપ વધતાં રહે તો સારો જન્મ ન મળે તેનો મને બહુ ડર લાગતો એટલે હું અસલામતી અને ભયની લાગણી અનુભવતી. અન્ય દુઃખીને જોઈને દુઃખ થતું અને મારી જાતને હું એની જગાએ મૂકીને તેમનાં દુઃખ સમજવા પ્રયત્ન કરતી કે આ રીતે હાડમારીની લાઈફ હોય તો એ લોકો પોતાનું પૂરું પાડવામાં જ કેટલા રચ્યા-પચ્યા રહે છે તો તેઓને ભગવાન ભજવાની ફુરસદ જ ક્યાંથી હોય ? એવો અવતાર જો આપણને મળે તો ? તો અત્યારે આપણને તક મળી છે તેનો સદુપયોગ કેમ ન કરવો ? ન કરીએ તો જન્મ-મરણના ચક્રમાં તો ફસાતાં જ જઈએ. આપણને જન્મ સારો મળ્યો છે કે ઈશ્વરને આપણે ઓળખી શકીએ છીએ. સારા-નરસાનો ભેદ પારખી શકીએ છીએ. આપણો આધ્યાત્મિક સંસ્કાર છે. તક મળે છે, પ્રોત્સાહન મળે છે તો તેનો સદુપયોગ કેમ નહિ કરવો ? આવો ખ્યાલ આવતાં પૂર્વના અસત કર્મો કાપવા માટે ગાયત્રી મંત્રના ચોવીસ લાખ જપ કરવાનો મેં નિશ્ચય કર્યો.

---

**"હું અંગ્રેજી વિષય સાથે બી. એ. થઈ છું. ગુજરાતી ભાષા હું શીખી જ નથી, માત્ર બોલી શકું છું. તે પણ ત્રુટક ત્રુટક. મોટે ભાગે ઘરમાં પણ હું અંગ્રેજીમાં જ વાત કરું છું. આમ છતાં ગુજરાતી ભાષામાં ભજનો લખાયાં, કેવી રીતે શરૂ થયાં તે મને પણ સમજ પડતી નથી."**

---

હું શાળા-કૉલેજમાં ભણતી હતી ત્યારે ચોવીસ હજાર-સવા લાખ કરતી હતી. પણ એ તો સરળ હતું. જ્યારે ચોવીસ લાખ જપ તો ઘણા કહેવાય. આથી હું મારી મમ્મી સાથે ચર્ચા કરતી. મારા મમ્મી-પપ્પા તરફથી મને ઘણું પ્રોત્સાહન મળતું. વળી તેઓ તમામ બાબતો પરત્વે પૂ. ગુરુદેવનું માર્ગદર્શન મેળવીને કાર્ય કરતાં. આથી આ બાબતમાં પણ ગુરુદેવને પૂછવાનું નક્કી કર્યું.

મારી મમ્મીએ ગુરુદેવને કહ્યું. આશાએ ચોવીસ લાખ ગાયત્રી મંત્રજપ કરવાનો નિશ્ચય કર્યો છે, તો એ કરે ? આપ આશીર્વાદ આપો.

ગુરુદેવે કહ્યું : "નિર્ણય ઘણો સારો છે પણ એ તો ખૂબ અઘરું છે."



Scanned by CamScanner

વળી તેમણે કહ્યું : "એક સાથે ન કરે તો એક એક લાખના કરે. મારા આશીર્વાદ છે."

ગુરુદેવના આશીર્વાદ લઈ મેં ૧૯૯૨ના મે મહિનામાં ગાયત્રી મંત્રજપ શરૂ કર્યા. પ્રથમ દિવસે બ્રાહ્મમુહૂર્તમાં ચાર વાગ્યે શરૂઆત કરતાં જ માતાજીના ને ગુરુદેવના ફોટામાં અમીઝરણાં થયાં. એ જોઈ આપોઆપ એક ભજન રચાયું.

> અમીનાં ઝરણાં થયાં, માતાજી પ્રસન્ન થયાં,
> આજ અમારા ભાગ જાગ્યા રે, માડી તારી કૃપાના પ્રસાદ ચાખ્યા રે.

આ ભજન પંદર મિનિટમાં જ લખાઈ ગયું ને પછી એ જ દિવસે બે-ત્રણ ભજન લખ્યાં ને શબ્દો સ્વાભાવિક ને આશ્ચર્યકારક રીતે આવવા લાગ્યાં. ને ત્યારથી રોજ ભજન લખવા લાગી. હું જ્યારે માળા-જપ કરવા બેસું ત્યારે જ ભજનો લખાતાં. એ સિવાય લખવા બેસું તો ઘણી કઠણાઈ પડે. આ ભજન કોઈ ને કોઈ વિષય પર લખાતું, જે વ્યક્તિગત રીતે મારે માટે મહત્વનું હોય.

હું અંગ્રેજી વિષય સાથે બી. એ. થઈ છું. ગુજરાતી ભાષા હું શીખી જ નથી. માત્ર બોલી શકું છું, તે પણ તુટક તુટક. મોટે ભાગે ઘરમાં પણ હું અંગ્રેજીમાં જ વાત કરું છું. આમ છતાં ગુજરાતી ભાષામાં ભજનો લખાયાં, કેવી રીતે શરૂ થયાં તે મને પણ સમજ પડતી નથી.

અત્યારે તો હું અભ્યાસ કરતી નથી. તેથી ઘરમાં જ છું ને આજ દિન સુધીમાં ગુરુદેવના આશીર્વાદ ને માતાજીની કૃપાથી શરૂઆતથી આજદિન સુધીમાં કોઈ તકલીફ પડી નથી. જપ ખૂબ જ સરળતાથી થતા રહ્યા છે. અંદાજે ત્રણસો જેટલાં ભજનો લખાયાં છે.

મને એમ થાય છે કે સમય ઘણો ઓછો છે ને વધુ ને વધુ પ્રાર્થના-ઉપાસના કરવા જોઈએ. વૃદ્ધત્વમાં એ શક્ય નથી. કાલની કોને ખબર છે? જપ કરવાથી કંઈક રચનાત્મક કાર્ય થતું હોય તેમ લાગે છે. જેમ જપ થતા જાય તેમ લાગે કે હજુ વધારે ને વધારે કરવા છે. ક્યારેક કંટાળો આવે કે વિક્ષેપ પડે તો તરત જ સ્વપ્ન દ્વારા કે અન્ય રીતે પ્રોત્સાહન મળી જતું. સ્વપ્નના એવા ઘણા અનુભવો થયા છે. મારામાં જે પરિવર્તન આવ્યું ને હું જે માર્ગે વળી તેનો યશ ગુરુદેવને જ જાય છે. કારણ કે મારા સમગ્ર અભ્યાસકાળ દરમ્યાન મારી કારકિર્દીની બાબતમાં તમામ નાની-મોટી મૂંઝવણો તેઓ સુલઝાવતા રહ્યા ને મારામાં ઈશ્વર-માતાજી વિષેની શ્રદ્ધા દૃઢ થતી ગઈ ને ધીમે ધીમે મને લાગવા માંડ્યું કે બને એટલી વધારે ને વધારે ઉપાસના-જપ કરીને જીવતરનાં અસત્ કર્મો કાપવાં જોઈએ ને જીવનને ઉજ્જવળ બનાવવું જોઈએ. કારણ કે આપણા પર દૈવી શક્તિનો પ્રભાવ કંઈક ઓર જ હોય છે.

આ દૈવી શક્તિના પ્રભાવ હેઠળ રચાયેલું પ્રથમ ભજન અત્રે રજૂ કરું છું :

## અમીનાં ઝરણાં

અમીનાં ઝરણાં થયાં, માતાજી પ્રસન્ન થયાં,
આજ અમારા ભાગ જાગ્યા રે, માડી તારી કૃપાના પ્રસાદ ચાખ્યા રે....અમીનાં૦
મા તું દયાનો અવતાર, કરજે બેડો ભવ પાર,
જન્મોજન્મના કષ્ટ કાપ્યાં રે, માડી તારી કૃપાના પ્રસાદ ચાખ્યા રે....અમીનાં૦



Scanned by CamScanner

મા તું જગતજનની, પણ અમે માનવી જંગલી,
નથી કર્યાં સ્મરણ તારાં રે, તો યે તારી કૃપાના પ્રસાદ ચાખ્યા રે....અમીનાં૦
માડી પગલે પગલે, વધાવું ભક્તિને ફૂલડે,
કરું આરતી અર્ચન તારાં રે, માડી તારી કૃપાના પ્રસાદ ચાખ્યા રે....અમીનાં૦
પધારો પ્રગટ થઈને, દેજો દર્શન સૌને,
સ્વીકારો શરણે તમારાં રે, માડી તારી કૃપાના પ્રસાદ ચાખ્યા રે....અમીનાં૦

— શ્રી આશાબહેન ત્રિવેદી (મુંબઈ)

*

# [ ૪ ]

## બદરીકેદારની યાત્રામાં

૧૯૯૦ના ઑગસ્ટ–સપ્ટેમ્બર માસમાં બદરીકેદાર પ્રવાસનું લક્ઝરી બસ દ્વારા આયોજન થયું હતું. મારી બાની ઇચ્છા પ્રવાસમાં જવાની હતી. મારાં બાની ઉંમર ૭૫ વર્ષની છે અને તેમને બન્ને આંખે પડદાનું ઑપરેશન કરાવ્યું હતું. બન્ને કાને ઓછું સંભળાય છે. તેથી મેં કહ્યું કે પૂ. ગુરુદેવને વાત કરીએ અને જો તેઓ અનુમતિ આપે તો જજો.

પૂ. ગુરુદેવને આ અંગે વાત કરી તો તેમણે જણાવ્યું કે "જો ઘરનો સંગાથ હોય તો બાને મોકલજો. મારા આશીર્વાદ છે. તેમને કશું નહિ થાય."

જે દિવસે પ્રવાસ જવાનો હતો તેના આગલા દિવસે જ ગુજરાતમાં પુષ્કળ વર્ષા થઈ હતી. બધી નદીઓમાં પૂર આવ્યાં હતાં. બાએ પ્રવાસમાં જવાની ના પાડી. પરંતુ મેં જણાવ્યું કે ગુરુદેવે સંમતિ આપી છે તેથી કંઈ વાંધો નહિ આવે. બસ નડિયાદથી ઊપડવાની હતી. ત્યારે વરસાદને કારણે રેક્ષીમાં આણંદથી નડિયાદ પહોંચતાં ચાર કલાક લાગ્યા. જે સામાન્ય અડધા કલાકનું અંતર છે.

બદરી–કેદારની યાત્રા વિકટ અને મુશ્કેલીવાળી હોય છે. બદરીનાથ મોટર માર્ગે જવાય છે. રસ્તો વાંકો–ચૂંકો, પર્વતીય અને ખીણવાળો જોખમી છે. બસ રસ્તામાંથી પસાર થઈ રહી હતી ત્યારે વળાંક આગળ સામેથી આવતી બીજી બસના કારણે બસ રસ્તાની નીચે ઊતરી પડી. બધા પ્રવાસીઓના જીવ અધ્ધર થઈ ગયા. મેં બાને ગુરુદેવ અને માતાજીનો ફોટો આપ્યો હતો. તેમણે ગુરુદેવ અને માતાજીનું સ્મરણ ચાલુ કરી દીધું. બસની આગળ સદ્‌ભાગ્યે મોટો પથ્થર આવી ગયો. અને બસ ખીણમાં પડતાં પડતાં રહી ગઈ. આમ ગુરુદેવ અને માતાજીએ પ્રવાસીઓની રક્ષા કરી. બધાને ભયંકર અકસ્માતમાંથી બચાવી લીધા. સામેથી આવતી બસના ડ્રાયવરે પ્રવાસીઓને ન ગભરાવા કહ્યું અને બસને રીવર્સ કરવામાં – પાછી વાળવામાં – મદદ કરી.

કેદારનાથનો પ્રવાસ ઘણો જ જોખમી અને વિકટ છે. કેદારનાથ જવા માટે સાંકડી કેડી પર ઘોડા ઉપર બેસીને મુસાફરી કરવી પડે છે. એક બાજુ ઊંચા બરફના પર્વતો, બીજી બાજુ ઊંડી ખીણમાં



Scanned by CamScanner

ગંગા નદીનો વેગીલો પ્રવાહ વહે છે. આશરે ૨૫ કિ. મી.નો પ્રવાસ આ રીતે કરવો પડે છે. ઉંમરને કારણે બા ઘોડા પર બેસી શકે તેમ નહોતું. તેથી તેમને માટે કંડી કરી હતી. આ કંડી એક માણસ ઊંચકીને લઈ જાય. જનાર વ્યક્તિએ ઊંચકનારની પાછળ કરંડિયામાં બેસવાનું હોય છે.

બાને જતાં તો કોઈ મુશ્કેલી ન પડી, પણ મંદિરેથી દર્શન કરી પાછાં વળતાં ઘોડાવાળા આગળ નીકળી ગયા. બા એકલાં પડી ગયાં. કેદારનાથમાં બપોરે ચાર વાગ્યા પછી અંધારું થઈ જાય છે, પણ તે દિવસે માતાજીની કૃપાથી મોડે સુધી સૂર્યાસ્ત થયો નહોતો અને બરફનો વરસાદ પણ પડયો નહોતો. વાતાવરણ સ્વચ્છ હતું. રસ્તામાં અંધારું, નિર્જન પહાડી વિસ્તાર અને હિંસક પ્રાણીઓના અવાજથી બા ગભરાઈ ગયાં. કંડીવાળો માણસ પણ અશક્ત હતો. અને તે પણ થાકી ગયો હતો. આથી બાને થયું કે હવે શું થશે? તે આખા શરીરે પાણી પાણી થઈ ગયાં. તેમને લાગ્યું કે હવે હું નહિ બચી શકું. તેમણે ગુરુદેવ અને માતાજીનું સ્મરણ ચાલુ કરી દીધું કે ગુરુદેવ મારી રક્ષા કરો અને મને બચાવો. ગુરુદેવ તે જ વખતે ત્યાં પ્રગટ થયા અને કહ્યું કે, "બા, ચિંતા કરશો નહિ. તમને કશું નહિ થાય. હું તમારી સાથે જ છું. હું તમને સહી-સલામત તમારા પ્રવાસીઓ જોડે ભેગા કરી આપીશ." માતાજીએ પણ તેમને દર્શન આપ્યાં. પંચમુખી ફોટામાં મધ્યમાં જે મુખ દેખાય છે તેવું જ. માનું તેજ એટલું બધું હતું કે બાએ કહ્યું કે, "માતાજી, મારાથી આપનું તેજ જીરવી શકાતું નથી."

---

"જો ઘરનો સંગાથ હોય તો બાને મોકલજો. મારા આશીર્વાદ છે. તેમને કશું નહિ થાય."

* * *

"....ગુરુદેવ તે જ વખતે ત્યાં પ્રગટ થયા અને કહ્યું કે બા, ચિંતા કરશો નહિ. તમને કશું નહિ થાય. હું તમારી સાથે જ છું. હું તમને સહીસલામત તમારા પ્રવાસીઓ જોડે ભેગા કરી આપીશ."

---

અંતે માતાજી અદૃશ્ય થઈ ગયાં. પરંતુ ગુરુદેવ તેમની સાથે નીચે ઊતરતાં સુધી બે થી અઢી કલાક સાથે રહ્યા અને બાની રક્ષા કરી.

આ જ સમયે ગુરુદેવ તેમના નિવાસસ્થાને કુટિરમાં બિરાજમાન હતા. ઉપસ્થિત ભક્તોના જણાવ્યા પ્રમાણે તે વેળા ગુરુદેવ કોઈક અગોચરમાં ખોવાયેલા લાગતા હતા. કેટલાકે ગુરુદેવને એ અંગે પૂછતાં જવાબમાં માત્ર મૃદુ હાસ્ય વેર્યું.

આમ માતાજી અને પૂ. ગુરુદેવે મારાં બાની બદરી–કેદારની યાત્રામાં રક્ષા કરી. યાત્રા સુખદ રીતે પૂર્ણ કરાવી અને તેમને દર્શનની અનુભૂતિ કરાવી તેમનું જીવન ધન્ય કરી દીધું.

— શ્રી પ્રભુદાસ પટેલ ( આણંદ )

☐



Scanned by CamScanner

# સમાચાર

* ભાવનગરમાં તા. ૬-૨-'૯૩ શનિવાર અને તા. ૭-૨-'૯૩ રવિવારના રોજ પૂ. ગુરુદેવની વ્યક્તિગત મુલાકાતનો કાર્યક્રમ યોજાયો છે.

**મુલાકાતનું સ્થળ :** ગોદાવરીબા ઔદિચ્ય મહિલા છાત્રાલય, ગાંધીસ્મૃતિ પાસે, ભાવનગર.

**સમય :** બપોરે ૧૨ થી ૪

ભાવનગરમાં કાર્યક્રમ હોવાથી પૂ. ગુરુદેવ તા. ૫-૨-'૯૩થી તા. ૯-૨-'૯૩ સુધી 'નીલેાા' પર મળી શકશે નહિ તા. ૧૦-૨-'૯૩થી રાબેતા મુજબ મળી શકશે.

* સુરતમાં તા. ૨૦-૨-'૯૩ શનિવાર અને તા. ૨૧-૨-'૯૩ રવિવારના રોજ પૂ. ગુરુદેવની વ્યક્તિગત મુલાકાતનો કાર્યક્રમ યોજાયો છે.

**મુલાકાતનું સ્થળ :** એ / ૬ ત્રિકમનગર સોસાયટી, દર્પણ ટોકિઝ પાસે, લંબે હનુમાન રોડ, વરાછા રોડ, સુરત. **સમય :** બપોરે ૧૨ થી ૪

સુરતમાં વ્યક્તિગત મુલાકાતનો કાર્યક્રમ હોવાથી પૂ. ગુરુદેવ તા. ૨૦-૨-'૯૩ થી તા. ૨૨-૨-'૯૩ સુધી 'નિલેાા' પર આપી શકશે નહિ. તા. ૨૩-૨-'૯૩થી રાબેતા મુજબ મળી શકશે.

□


મા ગાયત્રીની કૃપા અને પૂજ્ય ગુરુદેવના આશિષ
હરહંમેશ વરસતા રહો એવી વિનંતી સહ—

**પેટ્રોલિયમ પ્રોડકટ્સ** * ફોન. નં. 366943

**મેન્યુફેક્ચરર્સ એન્ડ માર્કેટીંગ સોસાયટી**

**સૂરજ બ્રાન્ડ ળ્લ્યુ પાવડર તથા સુર્યા બ્રાન્ડ લીકવીડ ળ્લ્યુના ઉત્પાદક**

★

**બોબીનવાલા એસ્ટેટની બાજુમાં, નાગરવેલ હનુમાન રોડ, રખિયાલ * અમદાવાદ-380 023**



▣ જય ગુરુદેવ — જય ગાયત્રી માતા ▣


**રમેશભાઈ ડોકટર સિલ્ક મિલ્સ**

**૮/૨૩૬૨, ગોપીપુરા, મોટી છીપવાડ, સૂરત — ટે. નં. ૪૨૧૫૪**

❖

**પૂજ્ય ગુરુદેવના આશીર્વાદ**

ૐ મા ૐ



ગાયત્રી-ઉપાસક પૂ. શ્રી શાસ્ત્રીજી

Scanned by CamScanner

# પૂજ્ય ગુરુદેવની મુલાકાત

* આધિ, વ્યાધિ ઉપાધિથી ત્રસ્ત કોઈ પણ વ્યક્તિ જ્ઞાતિ, જાતિ, સમ્પ્રદાય કે ધર્મનાં બન્ધનો સિવાય વિના મૂલ્યે પૂજ્ય ગુરુદેવની મુલાકાત લઈ માર્ગદર્શન મેળવી શકે છે. પ્રત્યક્ષ મુલાકાત શકય ન બને તો પણ માળાને જીવનના અનિવાર્ય દૈનિક કાર્યક્રમમાં વણી લેજો.

મુલાકાત સ્થળ : 'નીલોષા' બંગલો, ત્રિમૂર્તિ' સોસાયટી,
ગવર્નમેન્ટ પાંચ બંગલા પાસે, ગુલમોર ફ્લેટ્સ પાછળ,
ગુલબાઈ ટેકરા, અમદાવાદ-૧૫.

**સમય : બપોરના ૧૨-૦૦ થી ૨-૦૦ ( ૧૦૧ વ્યક્તિને મુલાકાત )**

**શનિ-રવિ તથા જાહેર રજાના દિવસે બંધ.**

* પૂજ્ય ગુરુદેવ આપના પત્રો વાંચે છે, પરન્તુ લેખિત જવાબ પાઠવતા નથી.

* શારીરિક-માનસિક રોગો માટે પૂ. ગુરુદેવ જીવનજળ આપે છે. જળ લેવા ઇચ્છનારે ખાલી સ્વચ્છ બાટલી સાથે લાવવી, જેથી અભિમંત્રિત જીવનજળ આપી શકાય.

Scanned by CamScanner